

# શ્રી સ્વામિનારાયણ ચિંતન


**વર્ષ :- ૨, અંક :- ૧૨, તા. ૨૦-૬-૦૭**

:: સંસ્થાપક ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી
આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ
:: અધ્યક્ષ ::
પ.પૂ. ૧૦૮ શ્રી
ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ
:: પ્રયોજક ::
પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર વતી
કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી
:: તંત્રી ::
સાધુ દિવ્યસ્વરૂપદાસજી
:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)


સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.


:: લવાજમના દર ::

| | |
|---|---|
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચીસ વર્ષ લવાજમ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 130 U.S.A. |
| | : £ 100 U.K. |



:: લવાજમઅંગે ગ્રાહક પત્રવ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.chintansardhar.com
www.sardhar.org
E-mail : amrutdhara2003@yahoo.com




## "વ્હાલા લાગે વાલપના વેણ..."

"ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે. અને જ્યારે દેહને મુકીને ભગવાનના ધામપ્રત્યે જાય છે ત્યારે કોઈક તો ગરુડ ઉપર બેસીને જાય છે અને કોઈક તો રથ ઉપર બેસીને જાય છે અને કોઈક તો વિમાન ઉપર બેસીને જાય છે, એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના ધામમાં જાય છે, તેને યોગસમાધિવાળા છે તે પ્રત્યક્ષ દેખે છે."

- ભગવાન શ્રી સ્વામિનારાયણ : વચનામૃત પ્રથમપ્રકરણ : ૩

## :: અનુક્રમણિકા ::


૧ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આચાર્ય કોણ થઈ શકે ? ........ ૦૨
- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા ખુશાલ ભગત - સરધાર

૨ બહાર ભીતર એક બનો ........ ૦૬
- સાધુ યોગેશ્વરદાસ ગુરુઃ પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૩ શ્રીજી મહારાજના નિષ્કામી સંગાથી સદ્. મૂળજી બ્રહ્મચારી ........ ૦૮
- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા ખુશાલ ભગત - સરધાર

૪ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પરાત્પરની પહેચાન ........ ૧૧
- સાધુ પ્રેમવલ્લભદાસ ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૫ સર્વોપરી-સર્વાવતારી પારમૈશ્વર્યભાવ દર્શન ........ ૧૪
- સાધુ જ્ઞાનવલ્લભદાસ ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૬ વાણીમાં વિવેક જરૂરી છે ........ ૧૭
- સાધુ નિર્દોષસ્વરૂપદાસ ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૭ મોહનવરને માન સંગાથે વેર ........ ૨૦
- પાર્ષદ જનમંગલ ભગત ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૮ આત્યંતિક કલ્યાણ ........ ૨૩
- સદ્ગુરુ સ્વામી શ્રી નંદકિશોરદાસજી - ભૂજ

૯ તનાવ મુક્ત જીવન જીવવા નવધા ભક્તિ ........ ૨૬
- રમણભાઈ ગજ્જર - ભુજ (ફોટોજર્નાલીસ્ટ)

૧૦ સત્સંગ સમાચાર પત્રિકા... ........ ૨૮
અહેવાલ :- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી-વડતાલ તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

### શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં

# આચાર્ય કોણ થઈ શકે ?



સાધુ અમૃતસ્વરૂપદાસ તથા ખુશાલ ભગત - સરધાર

ભગવાન શ્રીહરિ દ્વારા સ્વરચિત શિક્ષાપત્રી પ્રમાણે ગાદીસ્થ આચાર્યશ્રીને જ મુમુક્ષુને સંપ્રદાયની દીક્ષા આપવાનો તથા મૂર્તિપ્રતિષ્ઠા કરવાનો અધિકાર આપેલ છે. તેથી સંપ્રદાયમાં આચાર્ય કોણ કહેવાય તે હકીકત સૌપ્રથમ સમજી લેવી જોઈએ. જગતમાં ઘણા પોતાને ધર્માચાર્ય, જ્ઞાનાચાર્ય, યોગાચાર્ય એમ કહેવડાવે છે. આજે મહાવિદ્યાલયો વિદ્યાર્થીઓને - સાહિત્યાચાર્ય, ન્યાયાચાર્ય, વ્યાકરણાચાર્ય એમ આચાર્યની પદવી પણ આપે છે. કેટલીક જગ્યાએ સંન્યાસી, તો કેટલીક જગ્યાએ ગૃહસ્થાશ્રમી, તો કેટલીક જગ્યાએ સ્ત્રીઓ પણ આચાર્ય તરીકેની ફરજો બજાવે છે. પરંતુ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું 'આચાર્યપદ' એની અનેક વિશિષ્ટતાઓને કારણે એ બધાથી નિરાળું અને શ્રેષ્ઠ છે.



ગઢપુરમાં સં. ૧૮૭૬ના માગશર સુદ - ૪ના રોજ રાત્રિને સમે દાદાખાચરના દરબારમાં સાધુની જાયગાને વિષે બિરાજીને ભગવાન શ્રી સ્વામિનારાયણે મુનિમંડળ તથા દેશ દેશના હરિભક્તોને આગળ જે ઉપદેશામૃતનું અમૃતપાન કરાવ્યું હતું તે આજે ગઢડા પ્રથમ પ્રકરણના પહેલા વચનામૃત તરીકે પ્રસિદ્ધ છે. તેમાં 'ધર્મકુળને આશ્રિત' એવા શબ્દો વાપરેલા છે. આ વચનામૃતમાં વપરાયેલા આ શબ્દોનો અર્થ પોતાને શિક્ષિત અને સુધરેલા જમાનાના તરીકે ઓળખાવતી કેટલીક વ્યક્તિઓ 'ધર્મ પાળે તે ધર્મકુળ' અથવા 'ધર્મગુણ વિશેષનું કુળ' એવો અર્થ કરે છે, જે બરાબર નથી. શિક્ષાપત્રીના શ્લોક -૩જામાં તેનો અર્થ સમજાવેલો છે. એ શ્લોકમાં સંપ્રદાય માટે પોતે જે પુરુષોની આચાર્ય પદે પસંદગી કરીને નિયુક્તિ કરેલી છે, તેનો ભગવાન શ્રીહરિ પોતે શ્રીમુખે પરિચય આપતા કહે છે :

'भ्रात्रो रामप्रतापेच्छारामयोर्धर्मजन्मनोः । यावयोध्याप्रसादाख्यरघुवीराभिधौ सुतौ ।।'

''અમારા પિતા ધર્મદેવના બીજા બે પુત્રો અને અમારા ભાઈઓ મોટા રામપ્રતાપભાઈ અને નાના ઈચ્છારામભાઈ, એમના પુત્રો અનુક્રમે અયોધ્યાપ્રસાદ અને રઘુવીરને અમે અમારા દત્તપુત્ર કરીને સંપ્રદાયના સર્વે સત્સંગીના આચાર્યપદે સ્થાપન કર્યા છે.'' - (શિક્ષાપત્રી : શ્લોક - ૩)


આ શ્લોકમાં આચાર્યોનું નામજોગ સંબોધન કરેલું છે. જો આમાં માત્ર આચાર્યોના નામનો નિર્દેશ અને સંબોધન જ કરવાનું હોત તો, શ્લોક-૪ અને ૫માં જેમ બ્રહ્મચારી, ત્યાગી, ગૃહસ્થાશ્રમી અને સાધુ-ત્યાગી વર્ગના પ્રતિનિધિઓના માત્ર નામ-નિર્દેશ કરેલા છે તે પ્રમાણે આ શ્લોકમાં પણ માત્ર આચાર્યોના નામ જ લખ્યા હોત. પરંતુ એ નામો સાથે ચાર વિશેષણો : 'भ्रात्रौ, धर्मजन्मनोः, यावअयोध्याप्रसादाख्यरघुवीराभिधौ અને सुतौ' ખાસ વાપરેલાં છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આચાર્યપદ પોતાના ભત્રીજાઓના વંશમાં નહિ, પણ પોતાના પિતા ધર્મદેવના વંશજોમાંથી દત્તપુત્ર કરીને સ્થાપિત કરેલું છે. આ હકીકત તરફ ધ્યાન દોરવા ખાતર જ 'ધર્મદેવ થકી જેમનો જન્મ

થયો છે' અને 'અમારા ભાઈ રામપ્રતાપજી અને ઈચ્છારામજી એમના પુત્રો' એવો ત્રણ પેઢીનો પરિચય દાખવતાં બે વિશેષણો વાપરેલાં છે. સંપ્રદાયનું આચાર્યપદ જો બંને પ્રથમ આચાર્યોના પુરુષવંશમાં જ પ્રસ્થાપિત થયેલું હોત તો વડતાલદેશના ત્રીજા આચાર્યશ્રી પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રીને કોઈ પુત્ર વારસ ન હોવાથી તે દેશના આચાર્યપદનો ત્યાં જ અંત આવ્યો હોત. પરંતુ સંપ્રદાયનું આચાર્યપદ ધર્મદેવના વંશજોમાં જ પ્રતિષ્ઠિત કરેલું હોવાથી વડતાલદેશમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી પછીથી ધર્મદેવના કુળના એક વંશજ શ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજશ્રીની આચાર્યપદે નિયુક્તિ થઈ શકી હતી. દેશ-વિભાગના લેખમાં આ સિદ્ધાંત સ્પષ્ટપણે કહ્યો છે. તેમજ દેશની બધી ન્યાય અદાલતોએ, ઠેઠ પ્રિવિ કાઉન્સિલે પણ આ જ સિદ્ધાંત કાયદેસર રીતે ગ્રાહ્ય રાખેલો છે. અમદાવાદ દેશ વિભાગમાં ત્રીજા આચાર્યશ્રી પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજશ્રી અને વડતાલ દેશ વિભાગમાં પ્રથમઆચાર્યશ્રીથી શરૂ કરીને પાંચમા આચાર્યશ્રી પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી શ્રીપ્રતિપ્રસાદજી મહારાજશ્રી સુધીના આચાર્યોને પુત્ર વારસ ન હતો. ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રવર્તાવેલા આ સિદ્ધાંતના રૂડા પ્રતાપે જ બંને દેશ વિભાગમાં આચાર્યપદે ધર્મદેવનો વંશવેલો ચાલુ રહેલો છે અને ભવિષ્યમાં પણ એ જ ધોરણે ચાલુ રહેશે.



આમ 'ધર્મકુળના આશ્રિત' એ શબ્દોનો અર્થ 'ધર્મદેવના કુળના જે પુરુષ શ્રીજીમહારાજ સ્થાપિત બે દેશની ગાદી ઉપર આચાર્યપદે બિરાજેલા હોય તેમને આશ્રિત' એવો જ થાય છે. શિક્ષાપત્રીમાં જેમનું આચાર્ય તરીકે નામજોગ સંબોધન કરવામાં આવેલું છે અને જેમના વિશેષ ધર્મોનું પણ નિરૂપણ કરવામાં આવેલું છે તે આ આચાર્ય અને એમની પરંપરામાં આવતા અને આચાર્ય તરીકે નિયુક્ત થયેલા પુરુષો માટે જ કરવામાં આવેલું છે એ હકીકત છે. સંપ્રદાયના આચાર્યપદ માટે પસંદગી અને નિયુક્તિ કરવાની રીત વિશિષ્ટ પ્રકારની છે. ધર્મદેવના પરિવારની પરંપરામાં આવતા જે ગૃહસ્થ પુરુષ સંપ્રદાયના આચાર્યપદે બિરાજમાન થયેલા હોય તે જ પોતાના અનુગામી આચાર્યની પસંદગી અને નિયુક્તિ કરી શકે છે. ગાદીસ્થ આચાર્યને એક કરતાં વધારે પુત્ર હોય તો તેમાંથી જ્યેષ્ઠ પુત્રની જ પસંદગી કરવાનો કોઈ નિયમ નથી. એટલે પુત્રોમાંથી વધારે સુપાત્ર હોય તેમને આચાર્યપદે પસંદગી મેળવવા માટે પ્રથમ હક્કદાર ગણેલા છે. જો તેમને પુત્ર હોય પણ જો તે ધર્મકુશળ અને ધર્મસમર્થ ન હોય, યા પુત્ર જ ન હોય તો ધર્મદેવના પરિવારમાંથી કોઈ ધર્મકુશળ અને ધર્મસમર્થ ગૃહસ્થ પુરુષની સંપ્રદાયના પ્રમાણિક ત્યાગી અને ગૃહસ્થ આગેવાનોની સંમતિ મેળવીને પોતાના અનુગામી આચાર્ય તરીકે પસંદગી અને નિયુક્તિ કરી શકે છે. આવી રીતે જે સંપ્રદાયના આચાર્યપદે બિરાજમાન હોય તે જ આ સંપ્રદાયના આચાર્ય ગણાય છે. આ સિવાય બીજા કોઈ જો પોતાને આચાર્ય કહેવડાવતા હોય યા આચાર્ય તરીકે ફરજો બજાવતા હોય તો તે ગમે તેવા મહાન જ્ઞાની ભક્ત, ત્યાગી કે ગૃહસ્થ હોય તો પણ તે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્ય ન ગણાય. આ સાથે એ પણ ઉલ્લેખનીય છે કે આચાર્યપદ ધર્મદેવના પુરુષ વંશજમાં પ્રસ્થાપિત કરેલું હોવાને કારણે પુત્રીઓના વંશમાંથી પસંદગીનો કોઈ અવકાશ રહેતો જ નથી. કેમકે કન્યાના લગ્ન બાદ તેમનું કુળ, અટક વગેરે બદલાઈ જાય છે. તેથી તેમને ધર્મદેવના વંશજ તરીકે ગણી શકાતા





નથી. આમ, શિક્ષાપત્રી તેમજ દેશ-વિભાગના લેખને વાંચતા નીચે મુજબ ફલિત થાય છે :

૧. આચાર્યપદ માટે ધર્મદેવના કુળની જ વ્યક્તિ હોવી જોઈએ.

૨. આચાર્યપદે ફક્ત પુરુષ વર્ગમાંથી જ પસંદગી થઈ શકે.

૩. વ્યક્તિ સગીર અથવા પુખ્ત ઊંમરની હોઈ શકે. અર્થાત્ સગીરાવસ્થા અવરોધરૂપ બની શકે નહિ.

૪. આવી પસંદગી અને નિયુક્તિ માત્ર ગાદીસ્થ આચાર્યશ્રી જ કરી શકે.

૫. પોતાને એક કરતાં વધુ પુત્રો હોય તો જ્યેષ્ઠ પુત્રની જ પસંદગી કરવી જોઈએ તેવો નિયમ નથી.

૬. ગાદીસ્થ આચાર્યે આવી પસંદગી અને નિયુક્તિ વખતે સંપ્રદાયના નિષ્ઠાવાન અને ધર્મયુક્ત ત્યાગી તથા ગૃહસ્થીઓની મરજી જાણવી જોઈએ. પરંતુ એ ઉલ્લેખનીય છે કે તે અંગેનો અંતિમ નિર્ણય માત્ર તેઓ જ લઈ શકે છે. બીજાઓ તો માત્ર સલાહ કે અભિપ્રાય જ આપી શકે. નિર્ણય લેવાની સત્તા ગાદીસ્થ આચાર્યશ્રીની જ છે.

૭. બાઈઓને દીક્ષા, આચાર્યશ્રીની આજ્ઞાથી આચાર્યશ્રીના ધર્મપત્ની પૂ. ગાદીવાળા જ આપી શકે.

૮. જો પોતાને પુત્ર ન હોય અથવા સુપાત્ર પુત્ર ન હોય અને ધર્મદેવના વંશમાંથી અન્ય કોઈની પસંદગી કરી હોય અથવા પોતાના પુત્રની આ પદ માટે પસંદગી અને નિયુક્તિ કરી હોય તે લેખિત હોવી જરૂરી છે.

અત્યારના કહેવાતા સુધરેલા જમાનામાં ધર્મકુળના શ્રીજીમહારાજ સ્થાપિત બે ગાદી સિવાયના ઘણા દંભી મનુષ્યો પણ પોતાની જાતને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્ય તરીકે ઓળખાવે છે. આ વિષે સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીએ કરેલું સુંદર નિરૂપણ સુજ્ઞજનોએ અવશ્ય વાંચવું અને વિચારવું ઘટે છે : ''વડોદરાની ધર્મસભામાં વાદ-વિવાદ વખતે ઘણા પ્રશ્નો અન્ય પંથના પંડિતોએ ભગવાન શ્રીહરિને પૂછ્યા હતા. જેમાં આચાર્ય કોણ થઈ શકે ? તે પ્રશ્ન ઉપર મતવાદી પંડિતોના મતે જે વ્યાસસૂત્રોની અપૂર્વ વ્યાખ્યા-ભાષ્ય કરે - નવા ગ્રંથો બનાવે તે જ આચાર્ય થઈ શકે. આ મતનું ખંડન કરતાં શ્રીહરિએ બોધાયનમુનિ, મધ્વસંપ્રદાયના ગોપાળ ભટ્ટ, પંડિતરાજ માહેશ્વર ભટ્ટ વગેરેના ઉદાહરણો આપીને પ્રતિપાદન કર્યું હતું કે ગ્રંથ કરવા એ જ આચાર્યનું લક્ષણ નથી. આચાર્યનું લક્ષણ તો પોતે ધર્મમાં દૃઢપણે રહેવું અને પોતાના આશ્રિતોને ધર્મમર્યાદામાં વર્તાવવા એ જ મુખ્યત્વે કરીને છે.''

(શ્રીહરિદિગ્વિજય : ઉલ્લાસ : ૪૫)

સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ પ્રસ્થાનત્રયી (દશ ઊપનિષદ્, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ ભગવદ્ ગીતા) ઉપર સંપ્રદાયના સિદ્ધાંતોને અનુસરીને સરળ ભાષામાં સુંદર ભાષ્યોની રચના કરી છે, છતાં તેમણે ધર્માચાર્ય તરીકે ગણાવવાની ઈચ્છા સેવી નથી. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની ગાદીના આચાર્ય થવા માટે 'શ્રીહરિના કુળની' અર્થાત્ 'ધર્મકુળ'ની જ વ્યક્તિ હોવી જોઈએ અને તે પણ સુપાત્ર-સદ્‌ગુણી હોવી જોઈએ. જન્મે અને ગુણે કરીને પ્રાપ્ત થઈ શકે તેવું આ પદ છે. પણ માત્ર ગુણે કરીને પ્રાપ્ત થઈ શકે તેવું આ પદ નથી, તે આ સંપ્રદાયના આચાર્યપદની વિશિષ્ટતા છે.



શ્રીજીમહારાજે લખાવડાવેલા દેશ-વિભાગના લેખની સૌથી અગત્યની વિશેષતા એ છે કે તેમાં આચાર્ય તરીકે કોણ હોઈ શકે, કેવી રીતે ધર્મવંશીની વ્યક્તિ તે પદ ઉપર આવી શકે તેની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. **પરંતુ એક વખત જે તે વ્યક્તિ ધર્મની આ ગાદી ઉપર આચાર્યશ્રી તરીકે આરૂઢ થાય પછી ક્યારેય, કોઈપણ સંજોગોમાં તે પદ ઉપરથી તેને દૂર કરવા અંગેની કોઈપણ જોગવાઈ નથી. અર્થાત્ ત્યાગી કે ગૃહી ગમે તેવો મોટો હરિભક્ત હોય અથવા સત્સંગીઓ સહુ ભેગા મળીને પણ આચાર્યશ્રીને તે પદ ઉપરથી દૂર કરી શકે નહિ.**

ઘણી વ્યક્તિઓ એવું માને-મનાવે છે કે તેઓને આ પદ ઉપરથી દૂર કરી શકાય છે, પરંતુ તે સમજણ મિથ્યા છે. જેમ આપણને ભગવાન શ્રીહરિએ આ જન્મમાં માણસ બનાવ્યા છે તે ગમે તેવાં ભૂંડાં કર્મ કરીએ તો પણ માણસ મટીને આ જન્મમાં જ પશુ બની જતા નથી. જો એક સામાન્ય માનવી પણ માનવી મટી ન જતો હોય તો સંપ્રદાયના આચાર્યશ્રી આચાર્ય કેવી રીતે મટી જાય ? જેણે જેની નિમણુંક કરી હોય તે જ તેની નિમણુંક રદ કરી શકે. આચાર્યશ્રીની નિમણુંક ભગવાન શ્રી સ્વામિનારાયણે કરી છે તેથી ભગવાન શ્રીહરિ જ તે નિમણુંક રદ કરી શકે, આપણે તો નહિ જ. શ્રીજીમહારાજ આ બ્રહ્માંડમાં સૌથી પ્રથમ વખત પધાર્યા અને આત્યંતિક કલ્યાણનો ઉપાય સૌપ્રથમ વખત જ કર્યો છે. તેથી આખા બ્રહ્માંડમાં આ બે જ ધર્મવંશી આચાર્યોની ગાદી છે. તેમની પસંદગી આ બ્રહ્માંડના બધા જ જીવોના આત્યંતિક કલ્યાણને અર્થે ભગવાન શ્રીહરિએ કરી છે. તેથી માત્ર થોડાક મનુષ્ય જીવો આચાર્યપદેથી આચાર્યશ્રીને દૂર કરી શકે નહિ. ધર્મની આ ગાદી જીવોના આત્યંતિક કલ્યાણ અર્થે સ્વયં શ્રીજીમહારાજે સ્થાપી છે. તેથી ગમે તેવા વિપરિત સંજોગોમાં પણ મનુષ્ય બુદ્ધિ ન રાખતાં, દિવ્યબુદ્ધિ રાખીને સર્વેશ્વર ભગવાન શ્રીહરિને નિર્મળબુધ્ધિથી પ્રાર્થના કરવી એ જ શ્રેષ્ઠતમ ઉપાય છે. જેમ કાયદો પોતાના હાથમાં લઈને અન્ય પાસે કાયદાનું પાલન કરાવવું તે પણ ગુનો છે. તેમ સત્સંગ સુધારણાની ઘેલછામાં આવી જઈને ભગવાન શ્રી સ્વામિનારાયણે બાંધેલી ધર્મમર્યાદાનું ઉલ્લંઘન કરવું તે કલ્યાણના માર્ગમાં ગુનો છે.

(સર્વોપરી શ્રીહરિ - સર્વોપરી આચાર્યપદ, લે. ડો. ચંદ્રકાન્ત ત્રિવેદી, ઈ.સ. ૧૯૮૪)

ટૂંકમાં આચાર્ય બનવા માટેની લાયકાતો (Qualifications) ભગવાન શ્રીહરિએ જણાવી પણ આચાર્યને આચાર્યપદેથી ઉતારી દે તેવી કોઈ ગેરલાયકાતોનો (Disqualifications) તેઓશ્રીએ ઉલ્લેખ ન કર્યો તેનાં બે કારણો છે :

૧. આચાર્યપદ ઘણું મહાન છે કેમ કે તે ભગવાન શ્રીહરિનું અપર સ્વરૂપ છે. શ્રીહરિના પ્રગટપણાના ત્રણ ગૂઢ સંકલ્પોમાંનું તે એક અંગ છે. તે આચાર્યપદ દ્વારા શ્રીજીમહારાજ સત્સંગમાં પ્રગટપણે વિચરે છે.

૨. આ પદ ઉપર બિરાજમાન વ્યક્તિને શ્રીજીમહારાજના સદૈવ આશીર્વાદ છે કે :

**'ધર્મવંશી આચારજ માંય રે, સદા રહ્યો છું મારી ઈચ્છાય રે;**

**અતિ ધર્મવાળા જોઈ જન રે, રે'વા માની ગયું મારું મન રે.'**

(પુરુષોત્તમપ્રકાશ : ૪૦/૧૭)

('ધર્મવંશી આચાર્યપદ'માંથી સંકલિત)

### સંસ્કૃતિ ચિંતન

# બહાર ભીતર એક બનો



“અસલી ચહેરામાં આ સુખ હોવા છતાં માણસને નકલી મહોરાનું આકર્ષણ કેમ રહેતું હશે ? તેનો જવાબ એ છે કે માણસને ‘પોતે જે છે’ તેમાં તેને સંતોષ નથી. પોતે કાંઈક વધુ દેખાવવા ઈચ્છે છે આ ભાવના અહંકાર ભાવમાંથી પેદા થતી હોય છે. જેનો અહં ખતમ છે તે ભીતર-બહાર એક હોય છે.”

સાધુ યોગેશ્વરદાસ ગુરુઃ પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

‘મન મેલા તન ઉજળા, બગલા કપટી છેક ।
એથી તો કાગા ભલા, બહાર ભીતર એક ।।’

માણસ જાતનો મોટો ભાગ બગલા જેવો છે. અંગ્રેજીમાં તેને Duedl Character કહેવાયછે. આ લોકો પોતાનો ‘ખરાબ’ ચહેરો છુપાવવા માટે ‘મહોરો’ પહેરે છે. મહોરો હંમેશા સુંદર હોય, એથી જ તેઓ પહેરે છે.

સુંદર દેખાવવા કરતા સુંદર હોવું જરૂરી છે. સારા દેખાવવા કરતા સારા હોવું જરૂરી છે. અસલ તે અસલ, અસલનું પણ એક આગવું કુદરતી સૌન્દર્ય હોય છે. એવા કાળિયામાં કનૈયાનું દર્શન થાય છે.

જ્યારે નકલ એ નકલ ગમે તેટલુ સુંદર હોય પણ નકલપણું એજ એની મોટી અસુંદરતા.

બગલો બહાર અને ભીતર જુદો હોય છે.

પથ્થર ઉપર રહીને એ ધ્યાનસ્થ મુદ્રામાં દેખાય ત્યારે ખૂબ સુંદર લાગે પણ અંતરમાં માછલા પકડવાની તેની હિંસક વૃત્તિથી ખૂબ ક્રૂર લાગે.

જે જેવો હોય તેવો દેખાય તેમાં મજા છે. પોતાનું દબાવી છુપાવી રાખેલું ભીતરનું સ્વરૂપ કોઈ પકડી ન પાડે તેની પળે પળે સાવધાની રાખવી પડે. અંદર-બહાર એકને આ ચિંતા ક્યારેય હોતી નથી એણે કશુ છુપાવ્યું જ નથી. પછી શેની ચિંતા ?

૨x૨ = કેટલા ? એવા સવાલનો સાચો જવાબ એક જ છે. અને તે યાદ રાખવો પડતો નથી. ગમે ત્યારે પૂછો ૨x૨ = કેટલા ? એક જ જવાબ = ૪

પણ ૨x૨ = કેટલા ? એના જૂઠા જવાબો દેખાય તો એક લાખ જવાબો દઈ શકાય.

૨x૨ = ૩।।, ૪।, ૧૦, ૨૦, ૨૮, ૧૦૦ વગેરે હવે જેણે જે જુઠ્ઠો જવાબ આપ્યો હોય તે તેને યાદ રાખવો પડે, બે માસ બાદ તેને તે જ સવાલ પૂછાય તો તેને યાદ કરવુ પડે કે તેણે બે માસ પૂર્વે શું જવાબ આપ્યો હતો ?

સાચો જવાબ જે છે તે કદી યાદ રાખવો પડતો નથી.

અસલી ચહેરામાં આ સુખ હોવા છતાં માણસને નકલી મહોરાનું આકર્ષણ કેમ રહેતું હશે ? તેનો જવાબ એ છે કે માણસને ‘પોતે જે છે’ તેમાં તેને સંતોષ નથી. પોતે કાંઈક વધુ દેખાવવા ઈચ્છે છે આ ભાવના અહંકાર ભાવમાંથી પેદા થતી હોય છે. જેનો અહં ખતમછે તે ભીતર-બહાર એક હોય છે.

બિચારો અભિમાની ! તેનું અસલનું ઉંધુ તત્ત્વ પકડાઈ ન જાય તેની કેટલી બધી સાવધાની રાખવી પડે ?

કંદર્પ (કામ) જાહેરમાં સેવી શકાતો નથી.

દર્પ (અહં) જાહેરમાં ખભા ઉંચકાવે છે.

માણસમાં દર્પ ઉત્પન્ન થાય એટલે માણસ ‘માણસ’ મટી જાય માણસ તરીકે એ નકામો થઈ જાય, શેરડીના વાઢ ઉપર સફેદ ચામર ઢોળાવવા લાગે છે તરત ખેડૂત કહે એને વાઢી નાંખવાનો સમય થઈ ગયો છે.

કંદર્પના ત્યાગીઓ પદ, પદવી વગેરેના અત્યંત ભૂખ્યા હોય છે. આ વાત બતાવે છે કે દર્પને જીતવો એ કંદર્પને જીતવા કરતા બહુ મુશ્કેલ છે.

કંદર્પના છ કોઠા ૫-ઈન્દ્રિયો+૧ મન છે. તે હજી જીતાય પણ અભિમન્યુ (અભિમાની માણસ) સાતમો દર્પનો કોઠો કદાપિ જીતી શકે નહિ.

અચ્છા અચ્છા પંડિતો, સંતો પણ દર્પના કારણે બે બદામના થઈ જતા જોવા મળે છે. એટલે તો અહંકાર એ પતનની પાયલોટ કાર છે. અહંકાર એ મોતનું બીજુ નામછે.

ભલા ! ભગવાન તો આ રહ્યા, આપણાથી જરાય દૂર નથી પણ યુગો વીત્યા, લાંબો પંથ કાપ્યો તો ય હરિ છેટો ને છેટો જ રહ્યો, ન દેખાયો કેમકે આડો અહંકાર પડ્યો'તો.

'અનેક જુગ વીત્યા રે, પંથે ચાલતા રે; તોય અંતર રહ્યો રે લગાર.
પ્રભુજી છે પાસે રે, હરિ નથી વેગળા રે; આડો પડ્યો છે એંકાર.'

એક દી વાયુ, વંટોળિયાના રૂપમાં ચારે બાજુ ધસમસતો ભાગંભાગ કરવા લાગ્યો. સહુને પૂછવા લાગ્યો કે 'વાયુ' ક્યાં છે ? મને દેખાડો. તેણે તાડના ઝાડને આ સવાલ કર્યો તેણે કહ્યું તે તારા પગની જે આંટી મારી છે. તે દૂર કરી દે એટલે તુ જ 'વાયુ' છે. આંટી (અહંકાર) દઈને વંટોળિયો બન્યો છે.

નિરાભિમાની સંતોનું આ લક્ષણ છે તેઓ 'યશઃકીર્તિ પરાઙ્મુખ' હોય છે.

ગોસ્વામી તુલસી મહારાજે શ્રીરામચરિત માનસમાં કહ્યુ છે : 'પ્રતિષ્ઠા શૂકરી વિષ્ઠા.'

યશ કીર્તિ એ ભૂંડણની વિષ્ઠા છે તેનાથી દૂર રહો.

મહારાષ્ટ્રમાં થયેલા માણે મહારાજ અત્યંત નમ્ર હતા. સાવ નિરાભિમાની હતા આથી જ એ સંત હતા.

તેમણે ભેગી કરી આપેલી રકમમાંથી ગરીબો માટે નાસિકમાં શાળા થઈ, તે ચાલુ થયા બાદ ક્યારેક જોવા ગયા. શાળાના કમ્પાઉન્ડમાં તેમનું ફુલ સાઈઝનું બાવલું (પુતળું) ઊભું હતુ તેમણે ટ્રસ્ટીઓને પૂછયુ : ''આ માણસ કોણ છે ? તે અહીં શું કામ કરે છે ? જો તે નકામો ઊભો હોય તો તેને સત્વર દૂર કરો.'' આટલું બોલતાની સાથે પોતાની કડિયાળી ડાંગના ચાર-પાંચ ઘા જોરથી કરી દીધા. બાવલાના ટુકડે ટુકડા થઈ ગયા.

તે પછી કાર્યાલયમાં ગયાં. ત્યાં ચાર કલરમાં પોતાના બસો-ત્રણસો ફોટાની એક થપ્પી જોઈ. તરત ઉપાડી, ઘોડાગાડીમાં બેસી નદીના પુલ ઉપર ગયા, ત્યાંથી તમામ ફોટા જલશરણ કરી દીધા !

મકરંદ દવે એ સંતની વ્યાખ્યા કરી છે કે 'જે કદી ફોટા પડાવતો ન હોય અને પોતાના નામને વિશેષણો લગાડવા દેતો ન હોય તે સંત' કડવું કડવું કેટલુ સત્ય છે પરમ સત્ય છે.

જે આશ્રમના રૂમમાં રમણ મહર્ષિ શાંતિથી સૂતા હતા તે રૂમને પૂજારીએ બહારથી કડી ચડાવીને વિદાય લીધી.

પણ તે દિવસે મહર્ષિ વહેલા ઉઠ્યા, બહાર દૂર જઈને રોજના સ્થળે વહેલા પહોંચવાની ઈચ્છા થઈ. બારણે જોયું તો બહારથી કડી ચડાવેલી છે. મહર્ષિએ બારણું ખેંચતા જે તિરાડ પડી તેમાંથી આંગળી બહાર કાઢીને કડી ગબડાવી દીધી. બહાર નીકળી ગયા, ફરી તેજ રીતે કડી ચડાવીને બે કિલોમીટર દૂરના પથ્થરે બેઠા.

આશ્રમમાં પૂજારીએ વાત ફેલાવી કે, કડીથી બારણું વાસેલુ હતું છતાં મહર્ષિ સૂક્ષ્મદેહથી પથ્થરે પહોંચ્યા છે. ચમત્કાર...! ચમત્કાર...!

રમણ મહર્ષિને મફતમાં આ યશ મળતો હતો પણ યશ તો તેમને મન જુત્તું હતું. એકઠા થયેલા લોકોમાં જે ચમત્કારની વાત ફેલાણી હતી તે તેમણે બંધ કરાવી., પછી પેટ પકડીને હસ્યા. તેમણે કહ્યું : ''મને ચમત્કાર આવડતો જ નથી.''

રમણ મહર્ષિના અંતકાળના છેલ્લા શબ્દો હતા : ''મારા મૃત્યુ બાદ કોઈએ મારી કોઈ હસ્તી રાખવાની નથી. ગુરૂમંદિર નહિ, જીવનચરિત્ર પણ નહિ જો તમે મારી વાત નહિ માનો તો મારા આત્માને દુઃખ થશે.''

જન્મ જન્માંતરોમાં સુસંસ્કારોનો સંગ્રહ થાય ત્યારે તે જીવ માનવદેહ પામીને આવા સજ્જન બને છે. આ કામ ઘણું મુશ્કેલ છે. આવા ઊંચી ક્વોલીટીના માનવોનો આ ધરતી ઉપર ભારે મોટો દુકાળ છે. હા...હલકી કોટિના પશુ સ્વભાવના માણસોની વસતિ કૂદકે ને ભૂસકે વધતી જાય છે ખરી. કહેવાય છે કે ઓકનાં વૃક્ષ બનાવતા ઈશ્વરને પૂરા સો વર્ષ લાગ્યા હતા જ્યારે ઝાંખરૂં બનાવતા માત્ર છ કલાક લાગી હતી.

ધર્મ તે જ સાચો છે જ્યા અહંકારનો વધુને વધુ બુકડો બોલાવાય છે.

અહંકાર તો સર્વ દોષોનો બાપ છે. એનો દીકરો પરદોષ દર્શન છે એના કાળાં કરતૂતોના કારણે જ એનો બાપ અહંકાર જગતમાં વગોવાયો છે.

સંતગોપાલને ભક્તોએ વિનંતી કરી કે આ વખતેનો ચાતુર્માસ અમારા ગામમાં જ કરવો અને ભક્તજન સમક્ષ હંમેશ કથા કરવી.

નિઃસ્પૃહી સ્વામીજીએ એ વાત સ્વીકારીને તે ગામમાં ચાતુર્માસ કર્યો. જેમ જેમ દિવસો જતા ગયા તેમ તેમ કથામાં લોકોની સંખ્યા વધતી ગઈ. બે-ત્રણ હજાર માણસો નિત્ય શ્રવણ કરવા લાગ્યા.

અનુસંધાન પાન નં. ૩૧ પર

### વચનામૃતમાં ભગવાન શ્રીહરિની પરાવાણી
### સંયુક્ત આદર્શ ભક્તગાથાનો રસથાળ....

## શ્રીજી મહારાજના નિષ્કામી સંગાથી
# સદ્. મૂળજી બ્રહ્મચારી

સાધુ અમૃતસ્વરૂપદાસ તથા ખુશાલ ભગત - સરધાર



મૂળજી ઘેરથી હળવા હૈયે નીકળી પડ્યો. વિચાર કર્યો કે દ્વારકા જાઉં. પછી જાણ્યું કે રામાનંદ સ્વામી બહુ સમર્થ છે. લોજ આવ્યા, સદ્‌ગુરુએ એમનો વૈરાગ્ય પારખી લીધો. ને વૈષ્ણવી દીક્ષા આપી નામપાડ્યું મુકુંદાનંદ.

मुक्तिं ददातीति मुकुन्दः મુક્તિ આપે તે મુકુંદ. मुकुन्देन आनन्दो यस्य सः

मुकुन्दानन्द : મુકુંદ દ્વારા જ જે આનંદ પામે છે તે મુકુંદાનંદ એવું અન્વર્થવાળું નામપાડ્યું.



ગતાંકથી ચાલુ...

એ ઉત્તરમાં મહારાજે મૂળાનંદને પહેલા મૂક્યા. પોતે પછી રહ્યા.

મૂળાનંદ ? એ કોણ ? એમને તો ઓળખવા જ જોઈએ.

મછિયાવ ગામના ઔદિચ્ય બ્રાહ્મણને ત્યાં એમનો જન્મ. પિતા યજમાનવૃત્તિ કરે. ગોરપદુ કરી પોતાની આજીવિકા ચલાવતા આ કુંટુંબમાં બાળક જન્મ્યો. તેનું નામમૂળજી રાખ્યું.

આ મૂળજી બાળપણથી ધાર્મિક વૃત્તિનો, સ્વભાવમાં વૈરાગ્ય ભરેલો, ભગવાનને મળવાની ધગશ લાગેલી. છોકરાઓ સાથે રમવાનું એને ગમે નહિ, એકાકીથકા જ ફરતા રહે. આઠમાં વર્ષે જનોઈ દીધી. પણ મૂળજી ઝાઝું ભણ્યો નહિ. મોટા થયાં એટલે પિતાજીના ધંધામાં એમને ભેળવી દીધાં. આ ગામથી બીજે ગામફરવા માંડ્યા. સંસારીઓને હજાર કામમાં ગોરદેવતાની જરૂર પડે. એ રખડપટ્ટીમાં મૂળજીના અંગની શોભા ફૂટી નીકળી. જોતજોતામાં રૂપાળો જુવાન બની ગયો.

એક સમયે એમને પરગામનું કામ સોંપાયું. યજમાનની દીકરીને સાસરેથી પિયર લઈ આવવા એમને મોકલ્યા. સાસરેથી બાઈને મૂળજીભાઈ સાથે રવાના કરી. સૌએ એમને વિનંતી કરી. ‘‘સંભાળીને લઈ જજો’’ અને મૂળજીભાઈએ ધરપત આપી. ‘‘તમે કશી ફિકર કરશો નહિ.’’

રસ્તે રાત રોકાવાનું થયું. ધર્મશાળાની ઓરડીમાં બાઈને સુવાડી મૂળજી બહાર સુતા. પરંતુ મધરાત થતાં એમને લાગ્યું કે કોઈનો સ્પર્શ થયો છે. હેતથી હાથ ફેરવીને તેમને જગાડે છે. મૂળજી ઝબકીને જાગ્યા અને લાગેલો એમનો વૈરાગ્ય પણ જાગ્યો. બોલી ઉઠ્યા, ‘‘જો બહેન, અહીં કશી ભીતિ નથી. નિરાંતે સૂઈજા.’’ એમ એમણે બાઈને અંદર વિદાય કરીને ભરોસાનું વચન કહ્યું, ‘હું જાગતો રહીશ, તું નિરાંતે ઉંઘી જા.’ એમણે કમાડ આડું કર્યુ ને પોતાની જગ્યામાં પડ્યાં એવામાં ઘસઘસાટ ઉંઘી ગયા.

થોડીવારે મૂળજીનાં અંગ ઉપર સ્ત્રીનો હાથ ફરીથી ફરવા લાગ્યો ને વગર બોલ્યે કહી રહ્યો કે આવા ઠંડા હાથ ક્યાંથી ? મૂળજી મામલો પામી ગયાં, ઝટ લઈને દૂર ખસી ગયા. જે શ્લોક આવડતો હશે તે મોટેથી બોલી ગયા. અને પેલી બહેનને હાથ જોડી વળી ઓરડીમાં જવા વિનંતી કરી. એનાં ગયા પછી મૂળજી સવાર થતાં સુધી પથારીમાં બેસી રહ્યા. ત્રીજુ જોખમ આવે ત્યારે વધારે ખતરનાક નીવડે છે. સવાર થયું. બાઈનાં મોંઢા ઉપર ભોંઠપ લીંપાઈ ગયેલી. ને મૂળજીનાં મનમાં મંથન. ‘‘કેવો છે આ સંસાર ! અહીં રહેવામાં સાર નથી.’’ આખે રસ્તે એમને આજ ધૂન ચાલું રહી.

ઘેર ગયા ત્યાં વળી બીજો ધક્કો લાગ્યો. પિતા કહે, ‘મૂળજી, માગું આવ્યું છે, જે બાઈને પિયર પહોંચાડી તેની નાની બેન -’

'ના, બાપલિયા ના,' મૂળજી વલોવી નાંખે એવી વાણીથી બોલી ઉઠ્યા. "મારે ગૃહસ્થાશ્રમમાંડવો નથી." પિતા આ સંસારની એક પરંપરા સાચવવા મથ્યા અને પુત્ર બીજી પરંપરાને વળગી રહ્યા. "કુળમાં કોઈતો સન્યાસ લે કે નહિ, બાપુ? આખું કુળ તરી જાય એવું હું કરીશ. મને રજા આપો."

બાપાએ ખૂબ સમજાવ્યા છતાં પુત્રનો દઢ નિશ્ચય જોઈને એમણે નમતું મૂક્યું. એમણે મન મનાવી લીધું. 'મૂળજી ક્યાં કંઈ ખોટું કામ કરવા નીકળ્યો છે? એની ઇચ્છા જ ન હોય પછી સંસારનું બંધન કેટલું ટકશે? ભલે, એને ફાવે તેમકરે.'

મૂળજી ઘેરથી હળવા હેયે નીકળી પડ્યો. વિચાર કર્યો કે દ્વારકા જાઉં. પછી જાણ્યું કે રામાનંદ સ્વામી બહુ સમર્થ છે. લોજ આવ્યા, સદ્‌ગુરુએ એમનો વૈરાગ્ય પારખી લીધો. ને વૈષ્ણવી દીક્ષા આપી નામ પાડ્યું મુકુંદાનંદ.

मुक्तिं ददातीति मुकुन्दः મુક્તિ આપે તે મુકુંદ. मुकुन्देन आनन्दो यस्य सः मुकुन्दानन्द : મુકુંદ દ્વારા જ જે આનંદ પામે છે તે મુકુંદાનંદ એવું અન્વર્થવાળું નામપાડ્યું.

ઈચ્છા કરતાં ઘણું મળ્યું એટલે એમનો આનંદ સમાતો નહોતો. એવામાં ગુરુ સ્વધામ ગયા અને તેમને સ્થાને ઉત્તરાધિકારી ગુરુએ પોતાનું પુરુષોત્તમપણું પ્રગટ કર્યું, સ્વામિનારાયણનો મંત્ર પ્રચલિત કર્યો સમાધિ પ્રકરણ ચાલું કર્યું અને ચારે તરફ એની ધૂમ મચી ગઈ. મુકુંદાનંદને થયું કે ભાગ્ય ઉઘડી ગયાં. અક્ષરધામમાંથી બાંધેલી જોડ મળી. અનંતનાં સંગાથીની સેવાનો અણમોલ અવસર મળ્યો. મુકુંદાનંદની સેવાથી શ્રીજી મહારાજ ખૂબ પ્રસન્ન થયા ને પોતાની પ્રસાદીની માળા આપી કહ્યું, "મુળજી! તમે આ માળા લ્યો ને જેને જેને આ માળા અડાડશો તેને સમાધિ થઈ જશે.

માળા લઈને મૂળજી ગામોગામ ફરવા લાગ્યાં. હનુમાનજીનું દેરું હોય તો ઠીક, નહિ તો ઝાડ હેઠળ આરામ કરી લે. ભિક્ષા મળે તો ઠીક, નહિંતો આગળ ચાલવા માંડે. રહેવું ખાવું હવે ગૌણ બન્યું હતું. એમનું કામહતું કે જે સમજે તેને મહારાજનો મહિમા સંભળાવવો. એમાંય સદ્‌ભાવવાળો શ્રોતા મળે ત્યારે એમની વાણી ખૂબ છટાથી વહેતી.

"જો ભાઈ, તારા પાછલા જન્મોનાં પુણ્ય ભેગાં થયાં તેથી તને મારો સમાગમ થયો ને મેં તને મહારાજનો મહિમા સંભળાવ્યો. હવે આગળ વધવાનું તારૂં કામ. જઈને મહારાજનાં દર્શન કરજો ને ભવોભવનાં પાપ બાળી નાંખજો." સદાય નિર્દોષ બુદ્ધિવાળા આ મૂળજીને સ્ત્રીઓના દર્શનાદિ પ્રસંગમાં પણ નિર્વિકાર રહેનારા જાણી શ્રીજીમહારાજે એમને સ્ત્રીઓને પણ સદ્‌બોધ આપવાની મહારાજે એમને છૂટ આપી હતી.

શ્રીજીમહારાજની આજ્ઞા માનીને મૂળજી બ્રહ્મચારી ઉત્તર ગુજરાતનાં ડુંગરા વીંધીને ઉદેપુર આવી ચડ્યા. સરોવરમાંથી ન્હાઈ-ધોઈને એ પાછા ફરતાં હતાં તેવામાં એક પનિહારીએ બ્રહ્મચારીને ઓળખી લીધાં. "અરે ! આતો અમારાં મછિયાવનાં મૂળજી ગોર! એ અહીં ક્યાંથી?" વહેલી વહેલી ઘેર જઈ પતિને મોકલ્યા ને ઘરમાં બ્રહ્મચારીની પધરામણી કરાવી. એટલે એમણે કહ્યું : "મને અહીં રાખવો હોય તો માણસોને મેળવી આપો. એ અહીં આવે કે આપણે એમને ત્યાં જઈએ. મારે તો દુનિયા આખીને કહેવું છે કે, 'અવનિ પર અવતર્યા છે અવિનાશી રે, એમને શરણે જજો બડભાગી રે'."

ધંધુકા-ધોલેરા તરફ વાગડ ગામ છે. ત્યાંથી એક ક્ષત્રિય કન્યા ઉદેપુરના પાટવી કુંવરને વરાવેલી એને મછિયાવની કન્યા સાથેનો પૂર્વ પરિચય હતો. એથી મહેલમાં મળવા જતી. આ વખતે મૂળજી ગોરનું કામલઈને એ ઝમકુબાને મળી કહ્યું, "અમારાં ગામનાં ગોર ઘેર આવ્યા છે ને અવનવી વાતો કહે છે, જે સાંભળે છે તેમનાં મનનાં ઘાટ બદલાઈ જાય છે. એ ભગવાનને મળ્યા છે ને એમની વાતો કરે છે. તમે સાંભળશો? તમે કહો તો અહીં મોકલું."

આ સાંભળી ઝમકુબાનાં હૃદયમાં ઉંડે ઉંડે સદ્‌ભાવની સરવાણી ફુટી, સમજી ગયાં કે એમનું પ્રારબ્ધ પોકારી રહ્યું છે. "ઉઠ, જાગ, તારૂં સવાર ઉગી રહ્યુ છે." બ્રહ્મચારીને લેવા માટે માણસો મોકલાવ્યા.

ઝમકુબાએ મહેલનો ઓરડો ધોવરાવ્યો, વચમાં બાજોઠ ગોઠવ્યો છે. દીવીઓમાં દીવાં બળે છે. ઝમકુબા વસ્ત્રાભૂષણ પહેરીને દ્વારે સ્વાગત કરવા આવ્યા છે. દાસદાસીઓ ભેગાં થયાં છે.

બ્રહ્મચારીએ ત્યાં આવી બાજોઠ ઉપર બેસવાને બદલે પોતાની ઝોળીમાંથી પૂજા કાઢીને પધરાવી, પૂજન-આરતી કર્યા, પ્રસાદ વહેંચ્યો ને પછી વાર્તા શરૂ કરી. બે ઘડી પરમાત્માનાં સાક્ષાત્કાર અનુભવની વાતો કરી. સૌ દિગ્મૂઢ થઈ ગયા. ઝમકુબાઈનાં અંતરનાં અંધારા ઉલેછાવા માંડ્યા ને પરમાત્માને પામવાનાં કોડ જાગી ઉઠ્યાં.

ભોળા માણસો ભગવાનને વ્હાલા હોય, એમની વાણીમાં તેજ આવે. લોકોને પ્રતીતિ થાય. આ વાણી રાણી ઝમકુબાના હૃદય સોંસરી ઉતરી ગઈ. ઝમકુબાએ પરમાત્માને પામવાનાં અનેક પ્રશ્નો પૂછયાં. બ્રહ્મચારીએ બધાનાં ઉત્તર કર્યા. પછી એક દાસીને પાસે બેસાડી મહારાજે આપેલી માળા એનાં હાથે અડાડી અને સંકલ્પ થતાં

જ એને સમાધિ થઈ ગઈ. આ જોઈ સૌ ચકિત થઈ ગયાં. કે જેની માળામાં આવી શક્તિ છે તે પોતે કેવાં સમર્થ હશે !

બીજાને તો અહોભાવ જ થયો પરંતુ રાણીને જુદી જ અસર થઈ. એમણે મનમાં નિશ્ચય કરી લીધો કે ભગવાનની સમીપે જવામાં વિલંબ નથી કરવો ને વચમાં કોઈ અંતરાય આવે તો તેથી ડગવું નથી. अर्थं साधयामि वा देहं पातयामि ।

રાણીએ તો કોઈને વાત નહોતી કરી પરંતુ બ્રહ્મચારીને ગંધ આવી ગઈ કે બાઈને તીર લાગી ગયું છે, હવે મહારાજને મળ્યા વિના એને જંપ નહિં થાય. મારૂં કામ પૂરૂં થયું. એમ માની બ્રહ્મચારી વિદાય લેવા તૈયાર થયા.

બ્રહ્મચારીને વળાવીને રાણીએ અંગો ઉપરથી આભૂષણો ઉતાર્યા અને સાદાં વસ્ત્રો પહેરી લીધાં. પોતે પોતાની જાતને કહ્યું : ''કર લે શૃંગાર ચતુર અલબેલી, સાજનકે ઘર જાના રી...'' 'સાજનને મળવા જવું છે તો તું હવે તૈયારી કરી લે, એમને ગમે તેવી રીતે રહેતા શીખી લે, હવે એમને મન સોપી દેજે.' શૃંગાર કરી લેવાની આ નવી રીત હતી.

બ્રહ્મચારી ફરતાં ફરતાં દેશમાં પાછા ફર્યા. રસ્તે આવ્યું મછિયાવ. એમનાં આગમન પહેલા એની કીર્તિ ત્યાં પહોંચી ગઈ હતી કે માળા અડાડીને સમાધિ કરાવે છે. ગામને પાદર સામૈયું થયું. ગામનાં માણસો આગ્રહ કરીને દરબારને ત્યાં લઈ ગયાં. પરંતુ બ્રહ્મચારીને તો મહારાજને મળવાની ઉતાવળ હતી. ક્યાંય રોકાવું પડે તે તેમને ગમતું ન હતું. પરંતુ ના પાડી શક્યા નહિં. દરબારને ત્યાં એક બહેનને સમાધિ કરાવી, પણ એ નિયમ પ્રમાણે સમયસર ઉતરી નહિં. તેથી બધા આકળા થયા. બ્રહ્મચારી ત્યાંથી છૂટવા આકળા થયા. પરંતુ સમાધિ ઉતારીને જવા માટે દરબારે ઘણું કહ્યું. પણ બ્રહ્મચારી કહે, તમે ફિકર કરશો નહિ. કોઈની સમાધિ મોડી પણ ઉતરે અને ત્યાં સુધી મારાથી રોકાવાય નહિં. એમકહિં બ્રહ્મચારી તો ખંભે ઝોળી નાંખી ઉપડ્યા ને આ બાજું દરબારનો મિજાજ ગયો. ગામમાં એમનાં કુટુંબનાં નામે જે ઘર-ગરાસ હતાં તે દરબારે ખૂંચવી લીધાં, ખાલસા કર્યા ને હુકમ કાઢ્યો કે ફરી દરબારમાં બ્રહ્મચારી આવે તો પરહેજ કરવા. આ બધું બ્રહ્મચારી શું જાણે ? પરંતુ, મહારાજને એ મળ્યા તે પહેલાં ખબર પડી ગઈ. તેથી મહારાજે બે ઉપાય પણ કરી લીધા. બ્રહ્મચારીને એક લાકડી આપીને સમજાવ્યું કે, ''આ છેડો અડાડશો એટલે સમાધિ થશે ને બીજો છેડો અડાડશો એટલે ઉતરી જશે. હવે આવી ઉપાધિ તમને ફરી નહિ થાય.'' પછી ચૂપચાપ બીજો ઉપાય પણ કરી લીધો.

બ્રહ્મચારીની પાછળ ગામનાં આગેવાનો તથા મછિયાવનાં દરબાર આવ્યા. ગામની અવદશા થઈ હતી, વરસાદ નહોતા થતા. સૌને સમજાઈ ગયું હતું કે બ્રહ્મચારી પ્રત્યે ગેરવર્તન રાખ્યું તેની સજા થઈ છે, કુદરતે બદલો લીધો છે. બધું ટોળું ગઢડા આવી પહોચ્યું ત્યારે મહારાજ પણ અજાણ્યા થઈને બેઠાં અને સૌને મોકલ્યા બ્રહ્મચારી પાસે. કહ્યું, ''મૂળજીને મળો એ રાજી થશે એટલે ગામનું રૂડું થશે.''

દરબાર કહે, ''બ્રહ્મચારી, તમે કહો તેમ કરીએ, જે ફાવે તે માંગી લ્યો, પરંતુ ગામનું સંકટ દૂર કરો.''

''હું તમારી પાસે શું માંગુ ? મારે માગવાનું સ્થાન તો મહારાજ છે.''

''ના, એમ નહિ, આજ્ઞા કરો.'' દરબાર ગળગળા થઈ ગયાં.

''તો... એમ કરો, તમે ભગવાન ભજો, બધાને જે કહું છું તે તમને કહું છું.''

દરબારે માની લીધું અને વિનંતિ કરી કે ''આપ મછિયાવ પધારો.''

''હું તો મહારાજ કહે તેમ કરૂં છું. આ શરીર હવે મારૂં નથી અને મન પણ મારૂં નથી બધું એમને સોંપી દીધું છે.

મહારાજે આજ્ઞા કરી, એટલે મછિયાવ આવ્યા. બ્રહ્મચારીનાં પગલાં થતાં જ વરસાદનાં બંધ પણ છૂટી ગયા. મુશળધાર મેહ વરસ્યા જય જયકાર થઈ રહ્યો. ગામ આખું ભેગું થયું ને બ્રહ્મચારીએ ''સ્વામિનારાયણ''ની ધૂન કરાવી. ત્યાંથી જ એ પાછા ગઢડા પહોંચી ગયા. ત્યાં સભા ચાલું હતી તેમાં પ્રવચન કરવાં મહારાજે આગ્રહ કર્યો ત્યારે એ એટલું જ બોલ્યા કે, ''આ સ્વામિનારાયણ જેવા કોઈ થયા નથી ને થશે પણ નહિં માટે આ અવસર ચૂકશો નહિ.'' મહારાજ બહું રાજી થયા.

હવે મૂળજી બ્રહ્મચારીને મહારાજે પોતાની સાથે રહેવા કહ્યું, ''તમારે ચાકરી કરવાનો ઉમંગ છે તો ભલે સાથે રહેજો પણ બીજા કોઈની ચાકરી કરશો નહિં ને કોઈ પાસે કરાવશો નહિં, જાતે જ બધું કરજો.''

હવે તો દાતણથી માંડી પ્રભુ પોઢી જાય ત્યાં સુધીની તમામસંભાળ મૂળજી બ્રહ્મચારી રાખતા, મહારાજ માટે રસોઈ કરતા, જમતાં હોય ત્યારે પંખો નાખતા, પંક્તિમાં મહારાજ પીરસતા હોય ત્યારે પોતાનાં હાથમાં કથરોટ ઉંચકીને સાથે ફરતા ને જે હરિભક્તે રસોઈ આપી હોય તેમને પ્રસાદી પહોંચાડતા.

(ક્રમશઃ)

## શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં

# પરાત્પરની પહેચાન

સાધુ પ્રેમવલ્લભદાસ ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

'અલૌકિક મૂર્તિ આજની ધરી ધર્મકુમાર,
જોતા નાવે જોડમાં આ સમઅન્ય અવતાર;
સમર્થ મૂર્તિ સુખભરી ધરી ન ધરશે કોય,
સર્વોપરી છે શ્રીહરિ સહજાનંદ પ્રભુ સોય.'



સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીને ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપનો માહાત્મ્યજ્ઞાને સહિત સર્વોપરી નિશ્ચય થયા પછી ઉપરની કાવ્યપંક્તિઓ સ્વામીએ રેલાવી છે.

સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીના જીવનમાં ઐતિહાસિક બે પ્રસંગો બન્યા છે તે ધન્ય પ્રસંગોએ સ્વામીના જીવનમાં આમૂલ પલટો આણ્યો છે :

અનંત ધામના ધણી અનંત અવતારોનાં કારણ એવા ભગવાન શ્રીહરિ બટુકબ્રહ્મચારીનો વેશ ધારી અનંત પતિતઆત્માઓને પાવન કરવા વિકટવનમા વિચરણ કરતા-કરતા સૌરાષ્ટ્રનું સોહામણુ ગામલોજમાં આવ્યા છે.

આ લોજગામમાં ઉધ્ધવાવતાર સ.ગુ. રામાનંદ સ્વામીના શિષ્ય સ.ગુ. મુક્તાનંદસ્વામી આદિક પચાસ જેટલા સંતો રહે છે. શ્રીહરિ આ સંતોને નિર્દોષ જાણી તેમની સાથે રહી સ.ગુ. રામાનંદ સ્વામીને મળવાની ત્વરા જણાવે છે. જેથી મુક્તાનંદ સ્વામી પત્ર લખી રામાનંદ સ્વામીને જણાવે છે કે અહિં લોજમાં મહાસમર્થ વર્ણી આવ્યા છે અને આપને મળવાની તીવ્ર ઈચ્છા રાખે છે. તો આપ જલ્દી લોજ પધારવા કૃપા કરજો. આમ, પત્ર લખી અને પછી સ.ગુ. રામાનંદ સ્વામીને આવવાની પ્રતિક્ષા કરી રહ્યા છે.

ભૂજમાં વિરાજતા સ.ગુ. રામાનંદ સ્વામી મુક્તાનંદ સ્વામીનો પત્ર વાંચી સમજી ગયા કે આ બ્રહ્મચારી બીજા કોઈ નહિ પણ પરાત્પર સર્વે અવતારના અવતારી ભગવાન શ્રીહરિ જ છે.

પછી રામાનંદ સ્વામીએ પોતાના બધા આશ્રિતોને પત્ર દ્વારા જણાવી દીધુ કે તમારે બધાએ હવે અમારા દર્શન કરવા અહીં ન આવવુ અને લોજમાં બહુ મોટા બ્રહ્મચારી આવ્યા છે. તેના દર્શન કરવા લોજ જવું. તે પત્ર વાંચી બધા ભક્તો લોજમાં બ્રહ્મચારીનાં દર્શન કરવા ગયા પણ શેખપાટના લાલજી ભક્ત (જે પછી નિષ્કુળાનંદ સ્વામી થયા હતા). નીલકંઠ બ્રહ્મચારીના દર્શન કરવા લોજ ન ગયા અને ભુજ રામાનંદ સ્વામી પાસે ગયા ત્યારે રામાનંદ સ્વામીએ લાલજીભક્તને પૂછ્યું : ''તમને લોજ બ્રહ્મચારીના દર્શન કરવા જવાનુ કહ્યું હતું ને અહી કેમ આવ્યા ?'' ત્યારે લાલજી ભક્તે રામાનંદસ્વામીને ઉત્તર આપતા કહ્યું : ''આપ અહીં બિરાજો છો અને લોજમાં કોનાં દર્શન કરવા જાઉ !'' તે સાંભળી રામાનંદસ્વામી બોલ્યા : ''લોજમાં બહુ મોટા બ્રહ્મચારી આવ્યા છે તેના

'કહે લાલજી મોટા તે કેવા,

દત્તાત્રિ કે ઋષભ દેવ જેવા । કે શું છે રામચંદ્ર સમાન, રામાનંદ કહે સુણો કાન ॥

કે શું છે રામચંદ્ર સમાન, રામાનંદ કહે સુણો કાન ॥

જેમ કૃષ્ણ મોટા સર્વેથી, તેમ આ છે વળી મોટા એથી । આ છે અવતારના અવતારી, ઘણું શું કહિએ વિસ્તારી ॥'

ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું : "લાલજી ! તમને આજે નહીં મનાય, પરંતુ સર્વ અવતારના અવતારી સર્વોપરી પુરુષોત્તમનારાયણ એ વર્ણી સ્વરૂપે પધાર્યા છે. અમારા જેવા અનંતની એમની પાસે ગણતરી નથી. ભવિષ્યમાં જ્યારે સમજાશે, ત્યારે તમે જ તેમનો મહિમા ગાવામાં ઝાલ્યા નહીં રહો."

દર્શન કરવા જવાનું.'' તે સાંભળી લાલજીભક્ત પૂછવા લાગ્યાઃ

'ततोऽप्राक्षीत् स तं भूयः स तुल्यः कपिलेन किम् ।

दत्तात्रेयेण हरिणा ऋषभेणाऽथवा समः ।।४५।।'

લોજમાં જે બ્રહ્મચારી આવ્યા છે તે કપિલદેવ તુલ્ય છે ? દત્તાત્રેય સમાન છે ? કે ઋષભદેવ ભગવાન સરખા છે ? ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું : 'એ બ્રહ્મચારી આગળ તો એ અવતારો પણ શું લેખામાં ! એતો એથી પણ મોટા છે.' ત્યારે પછી લાલજી ભક્તે રામાનંદ સ્વામીને ફરીને પૂછ્યું :

'रामचंद्रेण किं तुल्यो वर्तते स महामुने ।

स प्राहेत्यथ तेभ्योऽपि विद्यते स भृशं वरः ।।४६।।'

એ બ્રહ્મચારી રામચંદ્રજી તુલ્ય છે શું ? ત્યારે રામાનંદસ્વામી તેનો ઉત્તર આપતા કહે : 'એ બ્રહ્મચારી તો રામચંદ્રજી વગેરે સર્વે અવતારથી પણ અતિશય મોટા છે.' આ સાંભળી જેના મનમાં અતિશય આશ્ચર્ય થયું છે એવા લાલજીભક્ત ફરીથી રામાનંદ સ્વામીને આ પ્રમાણે પૂછે છે :

'स तं पुनरथाप्राक्षीदित्थं विस्मितमानसः ।

अस्माकमिष्टदेवेन स किं कृष्णेन सन्निभः ।।४७।।'

તે બ્રહ્મચારી, આપણા ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણ ભગવાન તેમને તુલ્ય છે શું ? ત્યારે રામાનંદસ્વામી લાલજી ભક્તને આ પ્રમાણે કહેવા લાગ્યાઃ

'स इत्यथावदद् भक्तं मत्तः कृष्णो यथाऽधिकः ।

तथाऽत्यधिक एवेशात् तस्मादपि स विद्यते ।।४८।।'



'હે લાલજી ભક્ત ! જેમ શ્રીકૃષ્ણ ભગવાન બધા અવતારોથી મોટા છે તેમ લોજમાં આવ્યા જે બ્રહ્મચારી તે એ કૃષ્ણ ભગવાન થકી પણ અતિશય મોટા છે' વળી રામાનંદસ્વામી કૃપા વાક્યો ઉચ્ચારે છે :

'सर्वेषामवताराणां कारणं च परात्परः ।

सोऽप्राकृतगुणैश्वर्यो विद्यते पुरुषोत्तमः ।।४९।।'

'હે લાલજી ભક્ત ! એ બ્રહ્મચારી તો દિવ્યાતિ દિવ્ય કલ્યાણકારી ગુણો અને ઐશ્વર્યોવાળા છે અને સર્વે અવતાર માત્રના કારણ અવતારી છે. તથા સર્વથકી પર એવું જે અક્ષર તે થકી પણ પર અક્ષરાતીત પૂર્ણ પુરૂષોત્તમ પરબ્રહ્મ પરમાત્મા છે, આવા સર્વોપરી એ બ્રહ્મચારી છે તેમના દર્શન કરવાં તમે ન ગયા તે તમે ભૂલ કરી છે.'

(શ્રીહરિલીલાકલ્પતરૂ દ્વિતીય સ્કંધ અ. ૫૮, શ્લોક ૪૫ થી ૪૯)

●●●●●

સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીના જીવનમાં બીજો પ્રસંગ લાલજી ભક્ત સાધુ થયા પછી નિષ્કુળાનંદ સ્વામી થયા પછીનો છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે કારીયાણીમાં સમૈયો કર્યો તે પ્રસંગે મૂળ અક્ષર સ.ગુ. ગોપાળાનંદસ્વામી વડોદરાથી કારીયાણી આવેલા છે. કારીયાણીની અક્ષર ઓરડીમાં શ્રીહરિ અને ગોપાળાનંદ સ્વામી વચ્ચે 'અતિ રહસ્ય એકાંતની' મંત્રણા શરૂ થઈ. આ સમયમાં શ્રીહરિએ નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! તમે અમારે સ્નાન કરવાની અનુકૂળતા રહે તે વાસ્તે બહાર કુવા પાસે ચોકડી અને કુંડી કરાવો છો તે કામ પુરૂ કરાવો.'' મહારાજનું વચન તો લોપાય નહિ એટલે સ્વામી ઉઠીને બહાર ગયા; પરંતુ મનમાં એમ થયું કે શ્રીહરિ અને ગોપાળાનંદ સ્વામી રહસ્યની વાર્તા કરતા હોય એમાં કંઈક મહત્ત્વનું સિદ્ધાંત-રહસ્ય સમાયેલું જ હોય. એમ વિચારી બહાર બેસી ગુપ્ત રીતે શ્રીહરિ અને ગોપાળાનંદ સ્વામીનો સંવાદ સાંભળ્યો. એ સંવાદનો સાર આ પ્રમાણે હતો :

શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! અમે અને તમો બધા મુક્તોને લઈને અક્ષરધામમાંથી અહીં આવ્યા છીએ તેનો હેતુ જાણો છો ?''

સ્વામીએ હાથ જોડીને કહ્યું : ''ના, મહારાજ ! હું કાંઈ જ જાણતો નથી.''

ત્યારે મહારાજે કહ્યું : ''સાંભળો, અમે છ હેતુ લઈને આ પૃથ્વી ઉપર આવ્યા છીએ. તે તમને આજે કહેવા માટે બોલાવ્યા છે. તે જાણીને તે પ્રમાણે સત્સંગમાં

કાર્ય કરવા પ્રવૃત્ત થઈ જવાનું છે.

આવી ખૂબ જ રહસ્યની વાત સાંભળી સ્વામી એકાગ્ર થઈ ગયા.

મહારાજ બોલવા લાગ્યા : "સ્વામી ! સાંભળો, **પહેલો હેતુ** : આ લોકમાં અમારી સર્વોપરી ઉપાસના અને જ્ઞાન આ પૃથ્વી ઉપર પ્રવર્તાવવું. **બીજો હેતુ** : પૂર્વે થયેલા અવતારના ભક્તોને અમારા અવતારીપણાનો નિશ્ચય કરાવીને અક્ષરધામમાં લઈ જવા. **ત્રીજો હેતુ** : આ પૃથ્વી ઉપર એકાંતિક ધર્મનું સ્થાપન કરવું. **ચોથો હેતુ** : ભક્તિદેવી તથા ધર્મદેવને અમારી મૂર્તિનું સુખ દેવું. **પાંચમો હેતુ** : આ લોકમાં યુગોથી તીર્થ, વ્રત, દાન, તપ વગેરે કરતા કેટલાક યોગી જનોને અમારો સંબંધ કરાવી અક્ષરધામમાં લઈ જવા. અને **છઠ્ઠો હેતુ** : નવા મુમુક્ષુ કરવા અને અમારા ભક્તના સંબંધે અનંત જીવોને અક્ષરધામમાં તેડી જવા. આ છ હેતુઓ લઈને અમે અક્ષરધામમાંથી પૃથ્વી ઉપર આવ્યા છીએ. તે હેતુઓ આપણે સિદ્ધ કરવાના છે."

આ સાંભળી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપના પ્રતાપથી થઈ જશે."

ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ દંડવત્ કરીને મહારાજને કહ્યું : "મહારાજ ! આ વાત આજે સમજાણી. કડી મળી ગઈ !"

એટલે મહારાજે પૂછ્યું : "કઈ વાત ?"

"તમારા પુરુષોત્તમપણાની. બીજી વળી કઈ ?" સ્વામીએ તરત જ કહ્યું. પછી બોલ્યા : "હું જ્યારે રામાનંદ સ્વામી પાસે કચ્છમાં ગયો, ત્યારે તેમણે મને ઠપકો આપ્યો અને આપનાં દર્શન કરવા લોજ જવા આજ્ઞા કરી. ત્યારે મેં તેમને પૂછ્યું કે 'વર્ણી એવા તે કેવા મોટા છે કે આપ મને એમનાં દર્શને મોકલો છો ?'

'કહે લાલજી મોટા તે કેવા, દત્તાત્રિ કે ઋષભ દેવ જેવા ।
કે શું છે રામચંદ્ર સમાન, રામાનંદ કહે સુણો કાન ॥
જેમ કૃષ્ણ મોટા સર્વેથી, તેમ આ છે વળી મોટા એથી ।
આ છે અવતારના અવતારી, ઘણું શું કહિએ વિસ્તારી ॥'

(હરિલીલામૃત કળશ : ૪, વિશ્રામ-૩, કડી ૪૧-૪૨)

ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું : "લાલજી ! તમને આજે નહીં મનાય, પરંતુ સર્વ અવતારના અવતારી સર્વોપરી પુરુષોત્તમનારાયણ એ વર્ણી સ્વરૂપે પધાર્યા છે. અમારા જેવા અનંતની એમની પાસે ગણતરી નથી. ભવિષ્યમાં જ્યારે સમજાશે, ત્યારે તમે જ તેમનો મહિમા ગાવામાં ઝાલ્યા નહીં રહો."

મહારાજ અને ગોપાળાનંદ સ્વામી આ સાંભળી હસ્યા. મહારાજે કહ્યું : "આ વાત સમજવી અને અંતરે ઉતારવી તે ઘણી કઠણ છે."

શ્રીહરિ અને સદ્. ગોપાળાનંદ સ્વામીનો સંવાદ સાંભળીને સદ્. નિષ્કુળાનંદ સ્વામીને શ્રીહરિનો માહાત્મ્ય જ્ઞાને સહિત સર્વોપરી નિશ્ચય થયો પછી નિષ્કુળાનંદ સ્વામીના મુખમાંથી કાવ્ય પંક્તિઓ રેલાવા લાગી :-

'પરાપાર જે પૂરણ બ્રહ્મ, જેને નેતિનેતિ કહે નિગમ;
તે જ સુખદાયક સહજાનંદ, જગજીવન જે જગવંદ.
જે કોઈ સર્વેકારણના કારણ, તેણે કર્યું છે તન ધારણ; સર્વે
અવતારનાં અવતારી, તેજ સહજાનંદ સુખકારી.
જે કોઈ સર્વે ધામનાં ધામી, જાણો તેજ સહજાનંદ સ્વામી;
ઉદય અસ્તમાંહિ એકજ વાત, પ્રભુ સહજાનંદજી સાક્ષાત.'

(ભ.ચિ.પ્ર. ૧૦૧, કડી ૧૦ થી ૧૨)

આ રીતે સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીના જીવનનાં અંતિમ શ્વાસ સુધી સર્વોપરી ભગવાન મળ્યા એના કેફમાં એમનાં મુખમાંથી કાવ્ય રચનાઓ રેલાતી જ રહી :-

'મૂર્તિ તમારી સુખકારી જીવન જાણું છું,
છો અવતારનાં અવતારી જીવન જાણું છું.
પુરૂષોત્તમપૂરણ બ્રહ્મ જીવન જાણું છું,
વળી સર્વે ધામનાં ધામી જીવન જાણું છું.'

(હરિસ્મૃતિ-પંચમચિંતામણિ)

●●●●●

'અવતારી અકળ અમાપને, વંદુ હું વારંવાર,
અજર અમર અવિનાશીને, જાઉં વારણે વાર હજાર. (૧)
અગોચર અતોલ અમાયિક, અખંડ અક્ષરાતીત,
અગમઅપાર અખિલાધાર, અછેદ્ય અભેદ્ય અજીત. (૨)
પુરૂષોત્તમપરબ્રહ્મ પૂરણ, પરાત્પર પરમઆનંદ, પરમેશ્વર
પરમાત્મા, પૂરણ પૂરણાનંદ (૩)
સુખદ સરવેશ્વર સ્વામી, સરવાધાર સદા સુખકંદ,
સત ચિત આનંદમય, શ્રીહરિ સહજાનંદ. (૪)'

(પુરૂષોત્તમપ્રકાશ : પ્રકાર-૫૧)

## ઉપાસના ચિંતન - ૪

### સાંપ્રદાયિક ગ્રંથોના આધારે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણનું

# સર્વોપરી-સર્વાવતારી પારમૈશ્વર્યભાવ દર્શન

સાધુ જ્ઞાનવલ્લભદાસ ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



સર્વ અવતારના અવતારી, સરવોપરિ વિશ્વવિહારી; સર્વ અવતાર એમાં સમાય, પોતે કોઈમાં લીન ન થાય. ।।૩૧।।

એવી વાત કહી જેહ વાર, થયા લીન બધા અવતાર; સરિતાઓ મળે તે સાગરમાં, મળ્યા અવતાર સૌ હરિવરમાં.

આગળના મે-૨૦૦૬ના લેખથી અનુસંધાન...

એક વખત પર્વતભાઈએ રામાનંદ સ્વામીને પૂછ્યું કે આ નીલકંઠવર્ણી કેવા છે. તમારા કરતાં પણ અધિક જણાતા એવા આ વર્ણીમાં ચિત્ત ચોંટાડ્યા વિના તે આવ્યા ત્યારથી ચોંટી જાય છે. એમની બધી ક્રિયા એવી છે. તે કેવા જોગી છે તે કહો. ત્યારે રામાનંદ સ્વામી હસતે મુખે બોલ્યા કે અમારી વાત હૃદયમાં રાખજો. કપટી, કુટિલ ને દંભીને અમે વાત કરતા નથી. તમારે પણ તે વાત કહેવી નહિ. પાત્ર વગર અંતરની વાત કહેવાય નહિ. ગુરુની વાતમાં સંશય રાખે નહિ તેવા શુદ્ધ શિષ્યને ગુરુ ગુપ્ત વાત પણ કહે છે. એમકહીને તેમણે કહ્યું કે આ વર્ણી તો જે જે કાંઈ વાત છે, તે સર્વના કારણ છે. એમનું કારણ કોઈ નથી. ચિદાકાશ કે જેને અક્ષર કહેવાય છે અને તે ઉત્પત્તિ અને નાશથી રહિત છે, તેના પણ કારણ આ વર્ણી છે. તે પુરુષોત્તમઆદિનારાયણ અને સનાતનકૃષ્ણ વગેરે નામથી કહેવાય છે, ને જે અવતાર છે તે બધા આમના છે. પોતે એકમૂર્તિ હોવા છતાં અનેક રૂપે જ્યાં જેવું કામપડે ત્યાં તેવી મૂર્તિ ધારે છે.

**જો જો બાત કહાવત તાકે, વર્ણિ યહ કારન રહેઉ વાકે;**
**પન ઈનકે કારન કોઉ નાંહિ, એસે યહ વર્ણિ રહેઉ તાંહિ. ।।૪૫/૫।।**
**અક્ષર ચિદાકાશ જો જેહા, તાકે કારન વર્ણિ રહે તેહ;**
**વર્ણિકે કારન કોઉ ન રહાયે, એસે યહ વર્ણિ સમર્થ કહાયે. ।।૪૫/૭।।**
**અક્ષરધામતામહિ જેહૂ, પુરુષોત્તમનામરહાયે તેહૂ;**
**પૂરણ પુરુષોત્તમયહ રહીતા, આદિ નારાયન એહિ કહીતા. ।।૪૫/૮।।**
**સનાતન કૃશ્ન કહાવત તાહિ, જે તે અવતાર યાકે રહાહિ;**
**સનાતન મૂર્તિ રહાયે જેઉ, જે તે બ્રહ્માંડ તામેં તેઉ. ।।૪૫/૯।।**
**એક મૂર્તિ યહ અનંત અપારા, રહાયે કોઉ વાર ન પારા;**
**જીહાં તેહિ કામપરત જેસા, તિહાં મૂર્તિ યહ ધરત હિ તેસા. ।।૪૫/૧૦।।**

(પુરઃ ૨૪, તરંગ : ૪૪,૪૫)

### શ્રીહરિલીલામૃત

પ.પૂ. ધ.ધુ. ૧૦૮ આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ દ્વારા રચિત 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં પ્રસંગોપાત ભગવાન શ્રીહરિનું સર્વોપરીપણું પ્રતિપાદિત કરવામાં આવ્યું છે.

શ્રીજીમહારાજના પ્રાગટ્ય વખતે એમના મહિમાનું ગાન કરતાં ગ્રંથકાર કહે છે :

**એમથાય અવતાર જે ઘણા, અક્ષરેશ અવતારિ તે તણા;**
**સર્વકારણ તણા જ કારણ, આદિકૃષ્ણ શુભનામધારણ. ।।૫૫।।**
**અંડ અંડ અધીશો અનેક છે, સર્વ ઈશઅધિનાથ એક છે;**

**તે કૃપાળુ કળિમાર્ગ કાપવા,**
**આવિયા સ્વજન સૌખ્ય આપવા. ॥૫૬॥**(કળશ : ૨, વિશ્રામ: ૧)

ભક્તિમાતાની ઈચ્છાથી બાળપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજે તેમને સમાધિ કરાવી. તે સમાધિમાં સર્વે ધામમાં દર્શન થયાં. આ સમાધિ વખતે મૂળ માયા ભક્તિમાતાને શ્રીજીમહારાજનો મહિમા કહે છે :

**જે કૃષ્ણ આદી અવતાર થાય,**
**તે સર્વનું કારણ આ ગણાય;**
**એ છે પ્રતાપી પરમાત્મપોતે,**
**જાણી શકે શું કુમતી-જનો તે. ॥૬૧॥**
**એ છે પ્રતાપી પરમાત્મપોતે,**
**જાણી શકે શું કુમતી-જનો તે. ॥૬૧॥**

(કળશ : ૨, વિશ્રામ: ૧૦)

શ્રીજીમહારાજના ગાદી પટ્ટાભિષેક વખતે સર્વે ઋષિઓ, બ્રહ્માદિક દેવો અને મુનિઓ મહારાજની સ્તુતિ કરતાં કહે છે :

**સાક્ષાત આપ પ્રભુ અક્ષરના નિવાસી,**
**સર્વાવતાર તણું કારણ સૌખ્યરાશી;**
**કીર્તિ તમારિ નિગમાગમનિત્ય ગાય,**
**એવા દયાળુ તમને નમિયે સદાય. ॥૧૫॥**
**એવા પ્રતાપિ પ્રભુ છો અવતારિ આપ,**
**સર્વાવતારથિ વિલક્ષણ છે પ્રતાપ;**
**માહાત્મ્ય આપ તણું અંતરમાં ધરું છું,**
**બે હાથ જોડિ વળિ વંદન હું કરું છું. ॥૨૯॥**
**પ્રત્યેક વિશ્વપતિ છે અજ વિષ્ણુ ઈશ,**
**સંખ્યા ગણી નવ શકે મનમાં મુનીશ;**
**તે ઈશ્વરો હરિ તણી સ્તુતિ ઉચ્ચરે છે,**
**પોતા તણાં શિર પ્રભુપદમાં ધરે છે. ॥૩૦॥**
**વિષ્ણુ કહે અખિલના અવતારિ આપ,**
**જે થાય અન્ય અવતાર અહીં અમાપ;**
**તે તો કળા તમતણી અથવા સુઅંશ,**
**તેણે કર્યો ન કદિ છેક અધર્મ-ધ્વંશ. ॥૩૧॥**
**સર્વેના હરિ અવતારિ દિવ્યધામ,**
**સ્વચ્છંદ પ્રભુ પરમાત્મપૂર્ણકામ;**
**પોતામાં સહુ અવતાર દર્શ દેશો,**
**સર્વેનાં મન નિજમાં ધરાવિ લેશો. ॥૩૫॥**
**ગોલોકાદિક નિજધામમાં બિરાજે,**
**તે મૂર્તી સહુ તમમાં જણાય આજે;**
**ઐશ્વર્યો નિજજનને જણાવશોજી,**
**કામાદી પ્રબળ રિપુ હણાવશોજી. ॥૩૬॥**

(કળશ : ૪, વિશ્રામ: ૨૫)

શ્રીજીમહારાજના ગાદી પટ્ટાભિષેક વખતે પ્રધાનપુરુષ, મુક્તો અને સંતો મહારાજની સ્તુતિ કરતાં કહે છે :

**સર્વાવતારિ સકળેશ સ્વતંત્ર સ્વામી,**
**આનંદકંદ વૃષનંદ અનંતનામી;**
**વંદે સદા સુર નરો મુનિયો સમસ્તે,**
**છો સંતસાથ મુનિનાથ નમો નમસ્તે. ॥૧૫॥**
**જાણે ન જેમજળજંતુ સમુદ્રપાર,**
**લૈયે ન તેમતવ અંત અમે લગાર;**
**સર્વાવતારી-અવતારી તમે પ્રભુ છો,**
**અત્યંત શ્રેય કરવા જન્મ્યા વિભૂ છો. ॥૨૦॥**
**હે સર્વસદ્‌ગુણ-નિધી અવતારિ આપ,**
**સર્વે થકી અધિક આપ તણો પ્રતાપ. ॥૨૩॥**
**સંતો મળી સતત પ્રાર્થિત હે મુરારી,**
**આણી કૃપા અધિક છો નરનાટ્ય ધારી;**
**સર્વાવતાર તમસાથ ગતી કરે છે,**
**શ્રીચક્રવર્તિ સહ જેમનૃપો ફરે છે. ॥૨૪॥**

(કળશ : ૪, વિશ્રામ: ૨૬)

ગઢડામાં નૃસિંહ-ચૌદશે ગોપાળાનંદ સ્વામી આદિક સંતો અને હરિભક્તોની ઈચ્છાથી મહારાજે શ્રીનૃસિંહ, પ્રહ્‌લાદ, શ્રીવામન અને બલિનાં પ્રત્યક્ષ દર્શન કરાવ્યાં, તે વખતે શ્રીનૃસિંહ અને શ્રીવામન મહારાજની સ્તુતિ કરે છે :

**જે જે બિજા સૌ અવતાર થાય,**
**તમો વિશે લીન થતા જણાય;**
**તમે બિજામાં નહિ લીન થાઓ,**
**સર્વાવતારી જ તમે ગણાઓ. ॥૨૦॥**

(કળશ : ૪, વિશ્રામ: ૨૯)

ફણેણીમાં શીતલદાસે સમાધિમાં સર્વ અવતારો સાથે મહારાજની સ્તુતિ કરતા રામાનંદ સ્વામીનાં દર્શન કર્યાં. ત્યારે શીતલદાસે રામાનંદ સ્વામીને કહ્યું કે હું તો આપને ભગવાન માનીને આપનાં દર્શન માટે આવેલો. એ વખતે રામાનંદ સ્વામી કહે છે :

**સુણી બોલ્યા રામાનંદ સ્વામી, ભગવાન તો અક્ષરધામી;**
**તમે જોયા ફણેણીમાં જેહ, જુઓ આ દિસે પ્રત્યક્ષ એહ. ॥૩૦॥**
**ભગવાન તો અક્ષરધામી; તમે જોયા ફણેણીમાં જેહ,**
**જુઓ આ દિસે પ્રત્યક્ષ એહ. ॥૩૦॥**
**ભગવાન તો અક્ષરધામી; તમે જોયા ફણેણીમાં જેહ,**
**જુઓ આ દિસે પ્રત્યક્ષ એહ. ॥૩૦॥**
**સર્વ અવતારના અવતારી, સરવોપરિ વિશ્વવિહારી; સર્વ અવતાર એમાં સમાય, પોતે કોઈમાં લીન ન થાય. ॥૩૧॥**
**એવી વાત કહી જેહ વાર, થયા લીન બધા અવતાર;**

**સરિતાઓ મળે તે સાગરમાં, મળ્યા અવતાર સૌ હરિવરમાં. ॥૩૩॥**

(કળશ : ૫, વિશ્રામઃ ૩)

ગઢડામાં રાત્રે દાદાખાચરના પરિવારને સ્વપ્નમાં મહારાજ અને મુક્તોનાં દિવ્ય વિમાન સાથે દર્શન થયાં. એ વખતે મુક્તો દાદાખાચરને કહે છે :

**ઘણા જન્મનું પુણ્ય તમારું, આજ ઉદય થયું અતિ સારું;**
**સર્વ અવતારના અવતારી, સરવોપરિ જે સુખકારી. ॥૩૯॥**
**સૌના ઈશ્વર સૌના નિયંતા, જે છે અતિશય ઐશ્વર્યવંતા;**
**જેનું ધ્યાન શિવાદિક ધારે, તે તો ઘેર પધાર્યા તમારે. ॥૪૦॥**

(કળશ : ૫, વિશ્રામઃ ૨૬)

મેવાસાને પાદર મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને પોતાનું સ્વરૂપ જણાવવા માટે મહારાજે ઉપવસ્ત્ર દૂર કર્યું. ત્યારે તેઓ મહારાજને કહે છે :

**તમે અક્ષરધામના ધામી, સર્વોપરિ સર્વના સ્વામી;**
**સર્વ અવતારના અવતારી, સૌથી સમરથ છો સુખકારી. ॥૩૩॥**

(કળશ : ૬, વિશ્રામઃ ૧૫)

ગઢડામાં શ્રીજીમહારાજ ધામમાં જવાનો સંકલ્પ કરે છે, ત્યારે અક્ષરમુક્તો મહારાજની સ્તુતિ કરે છે :

**બ્રહ્માંડકોટિ પ્રભુ છે તવ રોમકૂપે,**
**ભાસે સદૈવ તમમાં પરમાણું રૂપે;**
**બ્રહ્મેશ વિષ્ણુ તમસેવક છે અનેક,**
**રાજાધિરાજ સરવોપરિ આપ એક. ॥૩૫॥**
**મત્સ્યાદિ જન્મતમમાંથિ થતા જણાય,**
**અંતે તમારિ છબીમાં વળિ લીન થાય;**
**બ્રહ્માંડ માંહિ અવતાર થયા અમાપ,**
**તે સર્વના પ્રભુ તમે અવતારિ આપ. ॥૩૬॥**
**જે દિવ્ય કામઅવતાર થકી કરાય,**
**તે કામઆજ તવ સેવકનાથિ થાય;**
**એવો પ્રતાપ પ્રભુ આપ તણો અપાર,**
**વંદું પ્રભૂજિ પદ-પંકજ વારવાર. ॥૩૭॥**

(કળશ : ૧૦, વિશ્રામઃ ૧)

## શ્રીહરિલીલાકલ્પતરુ

સ.ગુ. અચિંત્યાનંદ બ્રહ્મચારી દ્વારા રચિત ‘શ્રીહરિલીલા-કલ્પતરુ’માં તેઓ શ્રીજીમહારાજનું સર્વોપરીપણું સમજાવતાં કહે છે:-

શ્રીજીમહારાજ જગન્નાથપુરીમાં નીલકંઠવર્ણી રૂપે હતા ત્યારે,

ततस्तत्र जगन्नाथस्तं ज्ञात्वैवाऽवतारिणम् ।
सदाऽदृश्यः सिषेवेऽन्यैः श्रीधार्मिं पुरुषोत्तमम् ॥

ધર્મના પુત્ર શ્રીહરિને સર્વ અવતારના અવતારી પુરુષોત્તમજાણીને જગન્નાથજી અદૃશ્ય સ્વરૂપે શ્રીહરિકૃષ્ણ ભગવાનને સેવતા હતા. (૨/૫૦/૨)

પર્વતભાઈનો એક પ્રસંગ પણ તેમાં નોંધેલ છે. અગતરાઈના પર્વતભાઈને સંકલ્પ થયો કે નૃસિંહ અવતારનું રૂપ કેવું હશે ? પછી શ્રીજીમહારાજની ઈચ્છાથી તેમને ચોવીસેય અવતારોનાં દર્શન થયાં. પછી તેમણે આ અવતારોને મહારાજની મૂર્તિમાં લીન થતા જોયા. આવી રીતે પર્વતભાઈનો સંકલ્પ સત્ય કરીને શ્રીહરિ પોતે જ પર્વતભાઈને કહે છે,

दृष्टास्त्वयाऽवतारा ये युगपत्सर्वशोऽद्भुताः ।
तेषां हेतुमहेतुं मां त्वं वेदैवावतारिणम् ॥

‘તમોએ એક સાથે સર્વે અલૌકિક અવતારોને જોયા, તે સર્વના કારણરૂપ અવતારી મને જ જાણો. હું સર્વનું કારણ છું, પણ મારું કારણ કોઈ નથી.’ ( सर्वावतारहेतुत्वेऽपि स्वयं हेतुवर्जितम् ) (૩/૧૮/૩૯)

આ જ ગ્રંથમાં શ્રીહરિ પોતાનું સ્વરૂપ સમજાવતાં કહે છે,

भूतास्तथा भवन्तो मे भविष्या येऽपि भूरिशः ।
अवतारास्त्वहं तेषामवतार्यस्मि कारणम् ॥
सोऽहमेवाऽक्षराद् धाम्नो दिव्यैश्वर्यादिसंयुतः ।
अवतारी क्षितौ नूनं युष्मदर्थमिहाऽऽगतः ॥

‘હે ભક્તજનો ! મારા ઘણાક અવતાર થયા છે, વર્તમાનકાળે છે ને ભવિષ્યમાં થશે, તે સર્વેનો કારણ અવતારી તે હું જ છું. અક્ષરધામનો અધિપતિ અવતારી જે હું તે અક્ષરધામથી દિવ્ય ઐશ્વર્ય યુક્ત, આ પૃથ્વી પર ભરતખંડમાં તમારે અર્થે આવ્યો છું.’ (૫/૮/૩૨,૩૩)

સિદ્ધો શ્રીજીમહારાજની સ્તુતિ કરતાં કહે છે :

ये त्वां वदन्ति परमं निखिलावतारहेतुं सुरैः सदृशमत्र
तवावतारैः । जानन्ति मन्दमतयो नहि ते त्वदीयं तत्त्वं हरे !
विधिमुखैरपि चाऽवितर्क्यम् ॥
जानन्ति मन्दमतयो नहि ते त्वदीयं तत्त्वं हरे ! विधिमुखैरपि
चाऽवितर्क्यम् ॥

‘હે ભગવન્ ! સર્વ અવતારના કારણ, માટે સર્વોપરી એવા તમને જે આ લોકમાં બીજા અવતારો તથા દેવતાઓની તુલ્ય કહે છે, તે મંદબુદ્ધિવાળા મનુષ્યો બ્રહ્માદિક દેવતાઓ દ્વારા પણ તર્ક ન કરી શકાય એવું તમારું તત્ત્વ તેને જાણતા નથી.’ (૨/૪૯/૮)

(ક્રમશઃ)

વાણી-વિવેક ચિંતન - ૬

# વાણીમાં વિવેક જરૂરી છે

સાધુ નિર્દોષસ્વરૂપદાસ ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

આગળના મે-૨૦૦૬ના લેખથી અનુસંધાન...



### વાણીને કારણે ઓળખાણ

એક સુરદાસ હતા. તે એક દિવસ રસ્તા વચ્ચે બેઠા હતા. તે સમયે રાજાની સવારી ત્યાંથી નીકળી એટલે સીપાઈએ કહ્યું : "એય આંધળા ! ખસી જા, મહારાજ આવે છે." ત્યારે સુરદાસ બોલ્યા : "ખસી જાઉં છું જમાદાર." ત્યાં તો રાજા નજીક આવી ગયા એટલે પ્રધાને કહ્યું : "હે સુરદાસ ! જલ્દી એક બાજુ જતો રહે." તેની વાણી સાંભળી સુરદાસ કહે : " હા પ્રધાનજી જતો રહું છું." એમકહીને લાકડીને ટેકે ઊભો થઈને ધીરે ધીરે ચાલવા લાગ્યા.

પછી તેને ઉતાવળા ચાલતા જોઈને રાજાએ કહ્યું : "હે સુરદાસજી ! જાળવીને ચાલજો, નહિતર પડી જશો." તેવું સાંભળીને સુરદાસ બોલ્યા : "જી મહારાજા, મારી ચિંતા કરશો નહિ." અંધ માણસ આ રીતે નામકહીને બોલ્યો તેથી રાજાને નવાઈ લાગી એટલે પૂછ્યું : "સુરદાસજી ! તમોએ અમોને કેવી રીતે ઓળખ્યા ?" ત્યારે સુરદાસે કહ્યું : "કેવળ વાણી ઉપરથી, કારણ કે હલકા લોકો જ સૌને તુંકારે બોલાવે છે, પણ સજ્જન લોકો ક્યારેય કોઈને તુંકારે બોલાવતા નથી."

### વાણીને કારણે જ જેલની સજા

વિવેક છે તે નબળી ચીજનુંય સાર્થકતામાં રૂપાંતર કરે છે; જ્યારે વિવેકનો અભાવ અર્થાત્ અવિવેક તો સાર્થક ચીજની તાકાતનેય વેડફી નાખે છે. સંપત્તિવાન હોય અને ચારિત્ર્યવાન હોય, પરંતુ બોલવામાં વિવેક રહેતો ન હોય તો તેવી વ્યક્તિ પણ પરિવાર પ્રિય, પ્રિય મિત્ર કે લોકપ્રિય બની શકતી નથી. કારણ કે તેની ભાષા બરછટ છે. વ્યવહારમાં કોઈપણની સાથે તડ ને ફડ કરી નાખતી હોય છે.

એક રાજાએ નવ્ય-ભવ્ય સુંદર મહેલ બનાવ્યો હતો. તે સમયમાં આવો સારો રાજમહેલ આખા વિસ્તારમાં ન હોવાથી લોકોનાં ટોળેટોળાં જોવાં આવતા હતાં. દરેક નર-નારીઓ ખૂબ વખાણ કરીને પોતપોતાનાં ગામડાંઓમાં જતાં રહેતા હતાં.

રાજ્યના દરેક લોકો મહેલ જોવા આવી ગયા પરંતુ મુખી પટેલ આવ્યો ન હતો, તેથી રાજાએ સમાચાર મોકલ્યા. મુખી આવ્યો એટલે રાજા સ્વયં મહેલમાં લઈ જઈને બતાવવા લાગ્યા. આખા મહેલને જોયા પછી રાજાએ કહ્યું : "મુખી ! કાંઈ સલાહ-સૂચન દેવા જેવું લાગતું હોય તો બોલો." ત્યારે મુખીએ પૂછ્યું : "મહેલમાં પ્રવેશ કરવાનો રસ્તો કેમસાંકડો રાખ્યો છે ?" રાજાએ કહ્યું : "ઘણા દુશ્મનો એકી સાથે પ્રવેશ ન કરી શકે એટલે રસ્તો સાંકડો રાખ્યો છે." ત્યારે અવિવેકના કારણે આખા રાજ્યમાં અળખામણો થઈ ગયેલો મુખી બોલ્યો : "મહારાજા ! બહાર જવાનો દરવાજો બહુ નાનો મૂક્યો છે એટલે તમે મરી જશો ત્યારે બહાર કાઢવામાં બહુ તકલીફ પડશે ! કારણ કે તમારું શરીર હાથીના મદનીયા જેવું જાડું છે." મુખીની વિવેક વિનાની વાણી સાંભળી રાજાને રુંવાડે રુંવાડે ક્રોધ વ્યાપી ગયો તેથી મુખીને જેલમાં પૂરી દીધો.

સાંજ પડી તોય મુખી ઘેર ન આવ્યો તેથી પટલાણીએ રાજા પાસે આવીને વાત કરી.

"આ અધ્યાત્મ જગત છે, તેથી જાગૃતિ અહીં મહત્ત્વની છે. એક નાનો એવો શબ્દ પણ ઉથલ-પાથલ કરી નાખવાની શક્તિ ધરાવે છે. અર્થાત્ શબ્દ છે તે અણુબૉંબ છે ! રસોઈમાં પડતું ચપટી મીઠું પણ જેમ રસોઈને સ્વાદિષ્ટ બનાવી દે છે, દૂધના તપેલામાં પડતાં લીંબુનાં પાંચ ટીપાં જેમદૂધને ફાડી નાખે છે, તેમ અધ્યાત્મજીવનમાં એક શબ્દ પણ તીવ્ર જાગૃતિ લાવી દે છે અને ભૌતિક જગતનો એક શબ્દ પણ જાગૃત વ્યક્તિને અંધકારમાં ધકેલી દે છે...!"

રાજાએ કહ્યું : "એને બોલવાનો જરાય વિવેક નથી. હજું તો હું નવા મહેલમાં રહેવા પણ આવ્યો નથી ત્યાં તો તેણે કહ્યું કે તમો મરી જશો ત્યારે બહાર કેમકાઢીશું."

આવું સાંભળી પટલાણી બોલી : "રાજાજી ! તમારું શરીર હાથી જેવું છે તેથી બહાર ન નીકળી શકે તો મડદાના ટુકડા કરીને પણ કાઢી શકાય, એમાં મુંઝાવા જેવો પ્રશ્ન જ નથી." આવું સાંભળી તેને પણ જેલમાં પૂરી દીધી. બા-બાપુજી ઘેર ન આવ્યાં તેથી દીકરો પણ મહેલમાં આવ્યો. તેને ઉપર પ્રમાણે વાત કરી. તેથી તેણે કહ્યું : "ટુકડા કરવાની કોઈ જરૂર નથી, અંદર ચોગાન મોટું છે તેથી અંદર જ સળગાવી દઈશું. તમે જરાય ચિંતા કરશો નહિ. આવી મામુલી વાતમાં મારા માતા-પિતાને જેલમાં પૂરી દીધાં એથી એવું લાગે છે કે તમારામાં અક્કલ જ નથી." આવું સાંભળાવેંત રાજાનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠ્યો તેથી તેને પણ કેદમાં પૂરી દીધો.

**વાણીને કારણે મૃત્યુ**

એક વણકર કોબાડ બોલીનો હતો. બોલવામાં બિલકુલ વિવેક ન રહેતો તેથી લોકો તેને કહેતા કે 'તારી જીભ સુધાર, નહિતર કોઈક તારાં હાડકાં ખોખરા કરી નાખશે.' આવું સાંભળી તે જીભ સુધારવા માટે સવા ત્રણ મણ સાકર મંગાવીને દરરોજ ખાવા લાગ્યો ! વણકરનો ધંધો હોવાથી એક કીંમતી શાલ વણીને સરસ બનાવી દિલ્હીમાં બાદશાહને ભેટ આપી.

શાલ જોઈને સુલતાન તો ખુશ થઈ ગયો અને ખજાનશીને લાખ રૂપિયાનું ઈનામઆપવા કહ્યું. પછી બાદશાહે વણકરને પૂછ્યું : "એલા એય ! આવી ભારે લોબડી(શાલ) વણી છે, પરંતુ તે કહ્યું તો નહિ કે આ શું કામમાં લેવાની ?"

આવું સાંભળી કાંઈ પણ વિચાર કર્યા વિના બોલ્યો : "મોટા બાદશાહ છો ને એટલું પણ ભાન નથી ? આ લોબડી હું એટલા માટે લાવ્યો છું કે તમારું મોત થાય ત્યારે તમારી કબર ઉપર ઓઢાડવામાં ચાલે."

આ સાંભળતાવેંત બાદશાહનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો ! તેથી તુરંત હુકમકર્યો : "સેનાપતિ ! આ નાલાયકને અત્યારે જ તોપને મોઢે બાંધી ઉડાડી મૂકો." તુરંત તોપના નાળચે બાંધી ભડાકો કર્યો એટલે વણકરના દેહના ફૂરચા નીકળી ગયા.

**કઠોરવાણીથી બાર વર્ષે શાકનો વઘાર થયો...**

એક લાખો દરજી હતો. તે પટેલને ઘેર આણું શીવવા ગયો હતો તેથી પટલાણીએ કુણાં રીંગણાં આપ્યાં. લાખાએ પટેલના છોકરાને કહ્યું : "મારા ઘેર જઈને રીંગણાં આપી આવ અને તારી કાકીને (મારી પત્નીને) કહેજે કે બપોરે રીંગણાંનું શાક બનાવે." છોકરે જઈને આખા રીંગણાંનું શાક કરવાનું કહ્યું. પરંતુ તે સમયે દરજણે બીજું શાક કરી વાળ્યું હતું તેથી રીંગણાનું શાક ન કર્યું. બપોરે લાખો રીંગણાંનાં શાકનું ચિંતવન કરતો કરતો ઘેર આવ્યો ને જમવા બેઠો ત્યાં તો રીંગણાંને બદલે ભીંડાનું શાક ! તુરંત લાખે પૂછ્યું : "રીંગણાંનું શાક કેમન કર્યું ?" ત્યારે દરજણે કહ્યું : "ભીંડાનું શાક કરી વાળ્યું હતું તેથી ન કર્યું." ત્યારે લાખો ક્રોધ કરીને બોલ્યો : "અરે રાંડ ! મારું કહેવું ન માનવું હોય તો જા પટેલના કૂવામાં પડ, મને શું મોઢું બતાવીને ઊભી છો ?" આવી વાણી સાંભળતા જ દરજણને પણ ક્રોધ ચઢ્યો તેથી તુરંત જઈને પટેલના કૂવામાં પડી અને મૃત્યું પામી. ગામના પટેલને ખબર પડી એટલે પોલીસ બોલાવ્યા અને લાખાને દંડ ફટકાર્યા જેથી મુંબઈ જઈને બાર વર્ષ સુધી દરજીકામકર્યું ત્યારે રીંગણાના શાકની કિંમત ચૂકવાણી. આનું કારણ વાણીની કઠોરતા જ હતી.

**એકની વાણી લાખ લે, એકની લાકડીઓ ખાય....**

જ્યારે રાજાઓનાં રાજ્ય હતાં ત્યારે કોઈ કવિ કે ગઢવી આવીને પોતાની વાણીથી તે રાજાના વખાણ કરતા, એટલે રાજાઓ રાજી થઈને તેઓને લાખો રૂપિયા ઈનામતરીકે આપતા હતા. આનું કારણ પણ વાણીની મધુરતા હતી. અને કોઈ માણસ કોબાડ બોલીને કોઈનું અપમાન કરે તો ક્યારેક સામાવાળો લાકડી લઈ હાડકાં પણ ભાંગી નાખે...!

કોઈ વિવેક યુક્ત વાણી બોલનાર માણસ આપણી સાથે રહેતો હોય અને પછી વિદેશમાં નોકરી-ધંધા કરવા જાય તો પણ આપણને યાદ આવ્યા કરે અથવા તો આપણે તેને યાદ કર્યા કરીએ; જ્યારે બીજી વ્યક્તિ કાયમઆપણી સાથે જ રહેતી હોય પરંતુ બોલવામાં ઠા ન હોય અને તડને ફડ કરી નાખતી હોય તો આપણને એમથાય કે આ ક્યારે અહીંથી જાય...! આ બંનેનું કારણ વાણી જ છે.

એક ભિખારીની વાણી બહુ મધુર હતી. તેણે એક ગામમાં પટેલને ઘેર જઈને કહ્યું : "બેન બા ! ભૂખ લાગી છે તો થોડી છાશ આપશો ?" પટલાણીએ કહ્યું : "શેમાં લઈ જઈશ ?" ભિખારી કહે : "આ નળિયામાં આપો." ત્યારે પટલાણીએ કહ્યું : "નળિયામાં તો છાશ ઢોળાઈ જાય." તે સમયે ભિખારી કહે : "તો બેન બા ! થોડી ખીચડી હોય તો આપો જેથી નળિયાની બંને બાજુ મૂકીને દઉં એટલે છાશ ઢોળાય નહિ."

પટલાણીએ ખીચડી આપી. તેથી નળિયામાં બંને બાજું મૂકી વચ્ચે છાશ ભરી દીધી. પછી પટલાણી કહે : "ખીચડીમાં ને છાશમાં કચરું પડશે, માટે કંઈક ઢાંકી દે." ત્યારે ભિખારી બોલ્યો : "બહેનજી ! મારી પાસે તો ઢાંકવાનું કાંઈ નથી, પણ તમારામાં ઘરમાં જો રોટલો વધારે હોય તો આપો, હું ઢાંકીને

લઈ જાઉં.'' તુરંત પટલાણીએ પ્રેમથી રોટલો પણ આપ્યો.

ત્યારબાદ બીજો ભિખારી પણ આવ્યો. તેને પણ પટલાણીએ બધું આપ્યું. તે સમયે પેલો કોબાડ બોલીનો ભિખારી બોલ્યો : ''પટલાણી ! નકરું ખાઈ ખાઈને શરીરને ભગરી ભેંસ જેવું કર્યું છે તે કાંઈ કામકાજ કરો છો કે આખો દિવસ બેઠાં રહો છો ?''

આવું સાંભળીને પટલાણીનો ક્રોધ ભભૂકી ઊઠ્યો ને ધોકો લઈને બોલી : ''મારા પીટ્યા ! જેનું ખાય છે એનું જ ખોદે છે ? અત્યારે જ ઘરની બહાર નીકળી જા, નહિતર આ ધોકે કરીને તારા ટાંટીયા ભાંગી નાખીશ.'' આ બંનેનું કારણ વાણી જ છે.

### બહુ બોલ્યામાં માલ નહિ....!

સદ્. અક્ષરાનંદ સ્વામીએ વાત લખી છે :

એક ભલો ને ભોળો ખેડૂત હતો. પરંતુ તેની ઘરવાળી આકરી હતી. તેણે એવું નક્કી કરેલું કે મારા ધણીને મારી નાખીને મારે બીજાનું ઘર માંડવું. એમવિચાર કરીને તે વાડીએ ગઈ. તેથી પેલા ખેડૂતે કહ્યું : ''તું કુવામાંથી પાણી ભરી આવ.'' ત્યારે સ્ત્રીએ કહ્યું : ''મને સીમના કૂવાનું પાણી ભરતાં ન આવડે, માટે તમો મને શીખવાડવા ચાલો.'' પછી બંને કૂવાકાંઠે ઊભા રહ્યા અને પેલો કણબી પાણી સીંચવા લાગ્યો. તે જ સમયે તેની ઘરવાળીએ પાછળથી ધક્કો મારીને કૂવામાં નાખી દીધો અને ઉપરથી ઘણા પથ્થરો કૂવામાં નાંખ્યા. એટલે પેલાને વાગે તેથી તે મરી જાય. પછી તે ઘેર આવતી રહી. આ બાજુ પેલા ખેડૂતને કૂવામાં મૂળીયા હાથમાં આવી ગયા તેથી તે પકડીને ભેડા ઉપર ઊભો રહ્યો.

તે જ સમયે એક ભરવાડ બકરાં પાવા ત્યાં આવ્યો. તેને સાદ કરીને ખેડૂતે કહ્યું : ''ઓ બીજલા ! મને કૂવામાંથી કાઢ.'' તુરંત લોકોને બોલાવીને બહાર કાઢ્યો. પછી સૌએ પૂછ્યું : ''પટેલ ! તમો કેવી રીતે કૂવામાં પડી ગયા હતા ?'' પટેલે કહ્યું : ''હું પાણી ભરતા લપસી ગયો હતો.'' એમજવાબ આપીને પટેલ ઘરે આવ્યો. ત્યાં તો બાઈના મનમાં થયું કે આ પીટ્યો તો જીવતો રહ્યો. પછી પટેલે કહ્યું : ''થોડુંક વાગ્યું છે એટલે હળદર લાવ, શેક કરીએ.'' પટલાણીએ હળદર ચોપડી અને વાળું કરાવ્યું. પરંતુ પટેલે કાંઈ પણ કહ્યું નહીં કે મને શું કામકૂવામાં નાખી દીધો હતો ? કંઈ કહ્યું નહિ એટલે પટલાણીના મનમાં થયું : 'આવો ધણી બીજે ક્યાં મળવાનો છે ? કૂવામાં ધક્કો માર્યો તો પણ મને કાંઈ કહ્યું નહિ, માટે હવે અહીંયા જ રહેવું બીજે જવું નથી.' પછી બંને સંપીને રહેવા લાગ્યા એટલે એક દીકરો થયો. તે મોટો થયો પછી તેને પરણાવ્યો. જાન ઘેર આવી ત્યારે વહુજી પટેલને પગે લાગવા ગઈ ત્યારે પટેલ બોલ્યા : ''બીજું તો કાંઈ નથી કહેતો પરંતુ એટલું યાદ રાખજો કે બહુ બોલ્યામાં માલ નહિ. પછી તો તેની પુત્રવધુ પિયર ગઈ અને ફરીને આણું વળીને આવી ત્યારે પણ પટેલે કહ્યું : ''બહુ બોલ્યામાં માલ નહિ.'' તે સાંભળીને વહુએ પૂછાવ્યું : ''બંને વાર ભાભાએ એકનું એક કહ્યું, તો હું શું બોલી છું ? તે વારંવાર કહ્યા કરો છો ?'' ત્યારે પટેલે કહ્યું : '' તમારી સાસુ બહાર ગયા છે એટલે કહું છું , સાંભળો. તમારી સાસુને બીજો ધણી કરવો હતો તેથી મને કૂવામાં નાખી દીધો હતો પરંતુ હું નસીબજોગે બચી ગયો અને કંઈ ન બોલ્યો તો મારે દીકરો થયો અને તમે આવ્યા. માટે મેં કહ્યું કે 'બહુ બોલ્યામાં માલ નહિ.' તો આ વાત તમે તમારી સાસુ ને નહિ કહેતા.''

પછી સમય જતાં બંને સાસુ-વહુને બોલા ચાલી થઈ અને સામસામા ગાળા ગાળીએ આવ્યા ત્યારે વહુ બોલી : '' હે રાંડ ! બહુ ચોખી શું થાય છે ? મારા સસરાને કૂવામાં નાખી દઈને બીજે ઘર માંડવા જતી હતી ને અત્યારે શું લવરી કરે છે ?'' સાસુને આવા વે'ણ સાંભળીને રીસ ચડી તેથી કૂવામાં પડી ને મરી ગઈ. કારણ શું ? કઠોરવાણી...!

### શબ્દોની તાકાત...! શબ્દોને કારણે...!

આ અધ્યાત્મજગત છે, તેથી જાગૃતિ અહીં મહત્ત્વની છે. એક નાનો એવો શબ્દ પણ ઉથલ-પાથલ કરી નાખવાની શક્તિ ધરાવે છે. અર્થાત્ શબ્દ છે તે અણુબોંબ છે ! રસોઈમાં પડતું ચપટી મીઠું પણ જેમરસોઈને સ્વાદિષ્ટ બનાવી દે છે, દૂધના તપેલામાં પડતાં લીંબુનાં પાંચ ટીપાં જેમદૂધને ફાડી નાખે છે, તેમઅધ્યાત્મજીવનમાં એક શબ્દ પણ તીવ્ર જાગૃતિ લાવી દે છે અને ભૌતિક જગતનો એક શબ્દ પણ જાગૃત વ્યક્તિને અંધકારમાં ધકેલી દે છે...!

આધ્યાત્મિકમાર્ગ હોય કે વ્યવહારિક, શબ્દોની અસર બંને માર્ગમાં થાય છે. અને તે એકવારનો પ્રસંગ તેઓના જીવનમાં હંમેશાને માટે યાદગારનો પ્રસંગ બની જતો હોય છે. જો તે શબ્દો નેગેટિવ હોય તો જીવનને અધોગતિના માર્ગે ધકેલી દે છે અને જો તે શબ્દો પોઝિટિવ હોય તો મુક્તિના પંથે પ્રગતિ કરવા મંડી પડે છે.

અંતઃશત્રુઓથી ભરેલું અંતર હોય અને વિષય સંબંધી શબ્દોનો યોગ થાય એટલે તુરંત મન, વિષય મેળવવા માટે તલપાપડ થઈ જાય છે. એ જ રીતે મુમુક્ષુતાથી અંતર ભરેલું પડ્યું હોય પણ કુસંગે કરીને વ્યક્તિ વિષયી બની ગઈ હોય તેને જો સત્પુરુષોના ઉપદેશાત્મક શબ્દોનો સંયોગ થાય કે તુરંત તેનું મન પણ સદ્ગુણો ને સર્જનહાર મેળવવા માટે તલપાપડ બની જતું હોય છે. તેના વિષેના ટૂંકમાં થોડા પ્રસંગો જોઈએ. (ક્રમશઃ)

દોષ નિરૂપણ ચિંતન - ૩

# મોહનવરને માન સંગાથે વેર

પાર્ષદ જનમંગલ ભગત ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

આગળના મે-૨૦૦૬ના લેખથી અનુસંધાન...



'હું કરું છું', 'મેં કર્યું', 'હું ન હોત તો ન થાત', 'મેં મારી બુદ્ધિનો ઉપયોગ કર્યો', 'મેં આયોજન કર્યું', 'મેં મારી બધી શક્તિ કે સંપત્તિના સહારે આ સિદ્ધિ મેળવી છે.' પ્રત્યેક કર્મની પાછળના 'હું' - 'મારું' - 'મેં'થી ભરપૂર આ વિચારો, સંકલ્પો કે વ્યક્ત થતા શબ્દો અંતરમાં રહેલા માનની ચાડી ખાય છે.

## માનથી થતું નુકસાન...

માનને કારણે મુમુક્ષુને સાધનામાં થતા નુકસાન વિષે શ્રીજી મહારાજ અનેક વચનામૃતોમાં સમજાવે છે કે,

❖ માને કરીને આસુરી બુદ્ધિ થાય છે.

❖ વર્ણાશ્રમના માનને લીધે સાધુપણું આવતું નથી.

❖ માને કરીને નાસ્તિકપણું આવે.

❖ માનમાંથી ઈર્ષ્યા, અસૂયા, ક્રોધ, મત્સર પ્રવર્તે છે.

❖ ભગવાન અને સંતમાં મનુષ્યભાવ આવે.

❖ માને કરીને મોટાની આગળ પણ સ્તબ્ધપણું રહે, પણ તેની આગળ હલકો થઈને તેની સેવામાં વર્તાય નહિ.

❖ માને કરીને સત્સંગમાંથી પાછા પડે છે.

❖ સંતો-ભક્તોનો અવગુણ આવે, દ્રોહ થાય.

❖ માનીની ભક્તિ પણ આસુરી કહેવાય.

❖ આંટીદાર સ્વભાવ થાય છે.

❖ માને કરીને સત્સંગમાંથી પાછા પડે છે.

❖ માનને લીધે દિવસે દિવસે ઘટતો જાય છે.

❖ ભગવાન અને સંતનો રાજીપો ન થાય.

❖ અમારે (મહારાજને) માની ભક્ત સાથે બનતું નથી.

❖ અત્યંત નિર્વાસનિકપણું, તીવ્ર વૈરાગ્ય, અત્યંત આત્મજ્ઞાન અથવા તો દૃઢ ભક્તિના બળે કરીને ગરીબ હરિભક્તને નમાય નહિ એ મોટી ખોટ છે. આ ખોટે કરીને એ હરિભક્તનું અંગ વૃદ્ધિ પામે નહિ.

❖ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિનાં માનમાં અટંટ રહેનારમાં નિર્માની ભક્ત જેવા મોટા ગુણ ન આવે.

❖ અતિશય પ્રેમલક્ષણા ભક્તિએ કરીને ભગવાન એને વશ વર્તતા હોય અને તે ભક્તિનું હૃદયમાં માન આવે તોપણ એને અતિ ખોટ છે.

❖ આત્મજ્ઞાન કે વૈરાગ્યનું માન તો દેહાત્મબુદ્ધિને જ દૃઢ કરાવે.

❖ જરાક માન આવે તો હૃદયમાં રહી જે ભગવાનની મૂર્તિ તેની નજર કરડી દેખાય.

❖ માન રહિત જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સોળવલાં સોના જેવા છે, તેમાં જેમજેમમાનનો ભેગ ભળે તેમતેમએની કિંમત ઘટે. માન સહિત હોય તે સર્વે ઉપરથી તો એને ઘણો શોભાડે પણ એના અંતરમાં ઝાઝું બળ હોય નહિ.

શ્રીહરિચરિત્રામૃતસાગરમાં માનથી થતાં નુકસાન વિષે શ્રીજી મહારાજ કહે છે :

✤ "માનરૂપી અગ્નિ ભારે છે. તે પાકાં રંગને પણ ટાળી નાખે છે." (પૂર : ૪, તરંગ : ૬૯)

✤ "જેને કુમતિ હોય તેને ગુણનું અભિમાન હોય. અભિમાન ચંડાળ જેવું છે. અભિમાન આવે તો જ્ઞાન રહેતું નથી. અને અસૂયા, દ્રોહ, મત્સર, અટંટપણું અને મોહ વ્યાપે છે અને અલ્પ વાતમાં વેર કરે છે. બીજાના શુભ ગુણો હોય તેમાં દોષ બતાવે છે. શબ્દના ઊલટા અર્થ કરે છે." (પૂર : ૬, તરંગ : ૮)

✤ "સૌ પાપોમાં મોટું પાપ અને સૌ કલંકમાં મોટું કલંક માન છે." (પૂર : ૯, તરંગ : ૪૧)

✤ "ધન-સ્ત્રીને ત્યાગે તો પણ માનરૂપી વિષ તેથી પણ ભારે છે. માનરૂપી વિષ જેમાં આવે તે સંતમાં બ્રહ્માને પણ દુર્લભ એવા ઉત્તમગુણો હોય તે દોષ રૂપ થઈ જાય છે." (પૂર : ૧૪, તરંગ : ૮૩)

✤ "માન આવે ત્યારે દોષનું લશ્કર સાથે ભળે છે ને નિર્દોષમાં પણ દોષ દેખાવા લાગે છે." (પૂર : ૧૫, તરંગ : ૭)

✤ "જેટલું માન રહે છે તેટલો કુસંગ છે અને તે ક્ષયરોગ સમાન છે... સરોવર પૂરાઈ જાય તો જળ ટકે નહિ, તેમમાનરૂપી કાદવ ભરાતાં શુભ ગુણ ટકતા નથી." (પૂર : ૧૬, તરંગ : ૩૯)

✤ "લગારેય માન આવે તે ભગવાન સહન કરતા નથી. માન આવેલ ભક્ત ધીરે ધીરે ઘટી જાય છે. માનરૂપી રોગ જીવને ઉદ્વેગ કરાવે છે. અને ભગવાનથી વિમુખ કરે છે. માની માણસ પોતાની બડાઈ સમજે છે પણ તેમાં તે બહુ દુઃખી થાય છે." (પૂર : ૧૬, તરંગ : ૪૬)

✤ "સાંખ્યનિષ્ઠા, યોગનિષ્ઠા, ધર્મનિષ્ઠા, ભક્તિનિષ્ઠા, સ્વરૂપનિષ્ઠા હોય, પણ જો તેમાં માન હોય તો તેના બધા ગુણ નાશ પામે છે." (પૂર : ૧૭, તરંગ : ૪૧)

વળી, 'માન' દોષ માટે શ્રીજી મહારાજ સત્સંગિજીવનના ચોથા પ્રકરણના ૬૬માં અધ્યાયમાં કહે છે :

✤ માન થકી અતિશય ક્રૂરપણે, નિર્દયપણે વર્તાય છે.

✤ માન થકી જ ક્રોધ, દ્વેષ, વૈરભાવ, આંટી, ઈર્ષ્યા, અસૂયા, મત્સર, દંભ, કપટ વગેરે દોષો ઉત્પન્ન થાય છે.

✤ માનને લીધે જ અન્યાયને વિષે ન્યાયની, ન્યાયને વિષે અન્યાયની, સાધુને વિષે અસાધુની અને અસાધુને વિષે સાધુની બુદ્ધિ થાય છે.

✤ પોતાના દોષ જાણવા છતાં પણ માનને લીધે વય, તપ, જ્ઞાને કરીને વૃદ્ધ એવા સંતો-ભક્તોની અવગણના, ઉપેક્ષા થાય છે.

✤ માનને લીધે પોતાની યોગ્યતા-પાત્રતા ન હોવા છતાં, અનેક પ્રકારના દુર્ગણો હોવા છતાં, પોતાને મનાવા-પૂજાવાની ઈચ્છા થાય છે.

✤ માન થકી સંતો-ભક્તો સાથે અહં-મમત્વ પ્રેરિત વાદ-વિવાદ, બરોબરિયાપણું તથા અક્કડ રહેવાપણું થાય છે.

✤ માને કરીને ભગવાનના સંતો-ભક્તોનો પક્ષ રાખી શકાતો નથી.

✤ માનને લીધે વ્યક્તિમાં નમ્રતા, દાસભાવ, સેવકભાવ આવતો નથી.

સદ્. નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણી અને ચોસઠપદીમાં લખે છે :

માને ગયું કૌરવનું કુળ, માને ગયું છે કંસનું મૂળ; માને સુર
અસુર છે દુઃખી, માન રાખી કોણ થયા સુખી.

(ભક્ત ચિંતામણી : ૧૧૦/૧૯)

જેણે ગણ્યો પોતામાં ગુણ, જાણ્યું હું પણ છૌ કોઈ કામનો રે;
ત્યારે કો'ને વધ્યો કુણ, લેતાં આશરો સુંદર શ્યામનો રે...૧
જ્યારે કરી દીનતા ત્યાગ, અંગે લીધો અહંકારને રે;
ત્યારે મળ્યો માયાને લાગ, ખરો કરવા ખુવારને રે...૨
પછી પ્રભુ પામવા કાજ, જે જે કર્યું હતું આ જગમાં રે;
તે તો સરવે ખોયો સાજ, પડ્યો ઠાઉકો જઈ ઠગમાં રે...૩

(ચો. પ. પદ : ૩૧)

## માનના ઉદ્ભવસ્થાનો...

માનના ઉદ્ભવસ્થાનો અનેક પ્રકારના છે. તેને ઓળખવા અત્યંત જરૂરી છે. જેમકોઈ રોગનું સાચું નિદાન ન થાય ત્યાં સુધી તેની સાચી દવાનો ઉપયોગ ન થાય અને તેથી તે રોગ દૂર ન થાય. તેથી કોઈ પણ રોગ ટાળવા માટે સૌ પ્રથમતેના સાચા નિદાનની આવશ્યકતા છે. તેમજ્યાં સુધી માનનું સાચું નિદાન નથી થયું ત્યાં સુધી તેની ઓળખાણ થતી નથી. માનની ઓળખાણ થતી નથી તેથી તે દોષ દૂર પણ થતો નથી. માન અત્યંત ભયંકર શત્રુ છે. સાથે સાથે અત્યંત સૂક્ષ્મછે. માન અનેક રૂપો ધારણ કરે છે. તેથી માનના ઉદ્ભવસ્થાનને ઓળખવું અને પકડવું અર્થાત્ તેનું યથાર્થ રૂપમાં નિદાન કરવું અત્યંત કઠિન છે. જેમવૃક્ષનાં હલતાં પાંદડાંના આધારે પવન અને તેની દિશાનું અનુમાન થઈ શકે છે, તેમજુદા જુદા સંજોગામાં મનમાં થતા ઘાટ-સંકલ્પો અથવા બદલાતા મનોભાવમાં કે મન-કર્મ-વચને બદલાતાં વર્તનના આધારે અંતરમાં રહેલાં 'માન'નું અનુમાન કરી શકાય છે. માનનાં ઉદ્ભવસ્થાનોના વિચારો, સંકલ્પો કે શબ્દો આ પ્રમાણે છે.

✤ 'હું કરું છું', 'મેં કર્યું', 'હું ન હોત

તો ન થાત', 'મેં મારી બુદ્ધિનો ઉપયોગ કર્યો', 'મેં આયોજન કર્યું', 'મેં મારી બધી શક્તિ કે સંપત્તિના સહારે આ સિદ્ધિ મેળવી છે.' પ્રત્યેક કર્મની પાછળના 'હું' - 'મારું' - 'મેં'થી ભરપૂર આ વિચારો, સંકલ્પો કે વ્યક્ત થતા શબ્દો અંતરમાં રહેલા માનની ચાડી ખાય છે.

✤ પોતે કરેલ કોઈ કાર્ય કે સેવાની બીજા દ્વારા પ્રશંસા-કદર થાય, કંઈક નોંધ લેવાય, જાહેરાત થાય, 'નામ' આગળ આવે, એવી ઈચ્છા રહ્યા કરે, તેનું કારણ માન છે.

✤ પોતે કરેલ કંઈક સેવા-કાર્યના બદલામાં સત્કાર કે સન્માન થાય, લોકો તરફથી સારો પ્રતિભાવ કે બદલો મળે એવી અંતરની ઝંખના રહે, એ માટે બીજા દ્વારા પ્રયત્નો થાય, તો સમજવું કે અંતરમાં માન રહેલું છે.

✤ બીજા દ્વારા પ્રશંસા, કદર, સત્કાર કે સન્માન થાય અથવા તો કંઈક સારો પ્રતિભાવ કે બદલો મળે તો અંતરમાં અતિશય આનંદ થાય. અંતરથી રાજી થવાય, તેનું કારણ માન છે.

✤ કદાચ એવું કંઈ સન્માનાદિક ન થાય તો અંતરમાં ઉદ્વેગ, અશાંતિ, અસંતોષ, ફરિયાદ રહ્યાં કરે તો જાણવું કે માન છે.

✤ કદાચ આવું સન્માનાદિક કંઈક કોઈક બીજાનું થાય તો તેના પ્રત્યે ઈર્ષ્યા, મત્સર, અસૂયા રહ્યા કરે, તેનું કારણ પણ માન જ છે.

✤ ભગવાન, પ.પૂ. આચાર્યજી મહારાજ તેમજ સંતો-ભક્તોમાં મનુષ્યભાવ આવે તો જાણવું કે અંતરમાં માન પડેલું જ છે. બાહ્ય દેખાતા કોઈ પણ કારણસર કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો અવગુણ આવે, અવગુણની વાતો થાય તો તે પોતાનામાં રહેલ અથવા પોતે માની બેઠેલ કોઈક ગુણનું માન છે.

✤ પોતાની પ્રતિષ્ઠા કે કીર્તિ વધે, સમાજમાં પોતાની ગણના થાય, એના માટે જે કાંઈ બીજાને પાછા પાડીને, બીજાની ટીકા, નિંદા કરીને પોતાને સારા દેખાડવાની, આગળ આવવાની મહત્ત્વાકાંક્ષા અને તે માટેના પ્રયત્નો માનને આભારી છે.

✤ પોતાની ટીકા, નિંદા, અવગણના, ઉપેક્ષા થાય કે કોઈ પ્રકારનું અપમાન થાય એ વખતે એનો કોઈપણ પ્રકારે મન-કર્મ-વચને બદલો વાળે અથવા બીજાનો અવગુણ આવે અને અંતરમાં ખોટું લાગે, ઉદ્વેગ, અશાંતિ કે ક્લેશ થાય અથવા તો કંઈક ઝાંખપ અનુભવાય તો માનવું કે અંતરમાં માન પડ્યું છે.

✤ લઘુતાગ્રંથિ કે ગુરુતાગ્રંથિના વિચારો કે સંકલ્પોનું મૂળ કારણ માન છે.

✤ બીજાની અવગણના, ઉપેક્ષા, ટીકા થાય તેની પાછળ પણ માન જ રહેલું છે.

✤ નાના-મોટાને નમાય નહિ, દાસભાવે વર્તાય નહિ, નાના-મોટાની સેવા થાય નહિ, સરળ થવાય નહિ, મનધાર્યું મુકાય નહિ, હઠ છોડાય નહિ, તો સમજવું માન પડ્યું છે.

### માનના કારણે...!!!

માનના કારણે અનેક માની સ્વભાવના લોકો પોતાના કોઈ વખાણ કરે તો તે વ્યક્તિ ગજા ઉપરવટ જઈને પણ કાર્ય કરે છે. માન એવું છે કે જે મોટા ભાગના જીવપ્રાણી માત્રને મહાત કરે છે. માન જીવપ્રાણીમાત્રમાં વહન થતી પ્રક્રિયા છે. બળદને બા'પો કહીને ખેડૂત તેની પાસે મોટો ભાર ખેંચાવે છે. કોઈને માન દઈને બોલાવીએ તે તુરંત તેને ગમે છે. પશુ ખાણથી ને માણસ વખાણથી રાજી થાય છે. વખાણથી તો જીવ પાણી-પાણી થઈ જાય છે. મોટી સભામાં કોઈ હાર પહેરવા કે પ્રશંસાના બે શબ્દ કહે કે તરત મનમાં પુલકિત થઈ જવાય છે. માનીને માન ન મળવાથી તે અંતરમાં અર્ધ બળેલા કાષ્ઠની માફક ધૂંધવાયા કરે છે. માનના કારણે આપણા સંપ્રદાયના અનેક સંતો-હરિભક્તો સત્સંગનો ત્યાગ કરીને વિમુખ થયા છે. જેનામાં અહંકાર હોય, અટંટપણું રહે, બરોબરિયાપણું દેખાય અથવા કોઈપણ પ્રકારનું માન હોય એ શ્રીજી મહારાજને જરાપણ ગમતું નહી. તેના ઉપર ઘણા નારાજ થઈ જતા. માની માણસમાં ગમે તેવા ઉત્તમગુણો હોય, તેણે ગમે તેટલી સેવા કરી હોય, અને તે ગમે તેવો મોટો કે જૂનો હોય તો પણ મહારાજ તેની બીલકુલ પરવા કર્યા વિના તેનો ત્યાગ કરી દેતાં. રામાનંદ સ્વામીના કેટલાક જૂના શિષ્યો એવા હતા કે જેઓ જૂનાપણાનું માન ધરાવી મનસ્વી રીતે વર્તતા તેને શ્રીજી મહારાજે જવા દીધા. હરબાઈ-વાલબાઈ, રઘુનાથદાસ વગેરેને જ્ઞાનનું ને વૃદ્ધપણાનું માન હતું. તેથી તેને પણ સત્સંગમાંથી વિમુખ કર્યા. નિર્વિકલ્પાનંદ સ્વામી સમર્થ વિદ્વાન હતા, પરંતુ આત્માનંદ સ્વામી વગેરે મોટા સાથે માન રાખી મુક્તાનંદ સ્વામી જેવા સાથે બરોબરિયાપણું કરી પોતાને જ સર્વશ્રેષ્ઠ માનવા લાગ્યા ત્યારે એમનો તત્કાળ ત્યાગ કરી દીધો હતો. આમ, જેનામાં અહંભાવના પ્રબળ અંકુરો જણાતા હતા તેનો શ્રીજી મહારાજે ત્યાગ કરી દીધો હતો. હવે આપણે માનને કારણે પરાભવ પામેલા (ઘાયલ) વ્યક્તિઓના પ્રસંગોનું નિરૂપણ કરીશું.

(ક્રમશઃ)

ભગવાન શ્રી સ્વામિનારાયણે બે વખત દિવ્ય દર્શન દઈ જેમાં સર્વોપરી ઉપાસના અને અણિશુદ્ધ આજ્ઞાનું પ્રતિપાદન થતું હોય તેવો ગ્રંથ રચવાની આજ્ઞા કરી હતી એવો ગ્રંથ

# આત્યંતિક કલ્યાણ



સદ્‌ગુરુ સ્વામી શ્રી નંદકિશોરદાસજી - ભૂજ

## પ્રકરણ ૫મું

(આગળના એપ્રિલ-૨૦૦૭ના લેખથી અનુસંધાન...)

પ્રત્યક્ષ પરમાત્મા શ્રીસ્વામિનારાયણ ભગવાનનું પતિતપાવનપણું, અધમોદ્ધારકપણું તથા દાસદોષનિવારણપણું અનાદિમુક્ત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ જેમાં વર્ણવ્યું છે, તે કાવ્યપ્રસાદીનો આસ્વાદ લઈ હવે આપણે પાવન થઈશું. આ ઉપરથી આપણને ખ્યાલ આવશે કે શ્રીસ્વામિનારાયણ ભગવાનની અભયદાન આપવામાં કેવી અલૌકિક દૃષ્ટિ હતી. પોતે (નિષ્કુળાનંદસ્વામીએ) ગાયું છે :-

દીન દયાળુ ગુરુદેવ દામોદર, પૂર્ણ કૃપાનિધિ કૃષ્ણ કા'વે-દીન૦....ટેક
કરુણા દૃષ્ટિ કરી, જનને જુએ હરિ, દાસના દોષ હરિ હૈયે ન લાવે. દીન૦ ૧
કોટિ અપરાધ તે જનના કાપવા, આપવા આનંદ હરિ હૈયે હીસે;
કૈંક કંગાલને તારવા નાથજી, આજ મહારાજની મરજી દીસે. દીન૦ ૨
અખિલ બ્રહ્માંડના અધમઉદ્ધારવા, પૂરણ પરબ્રહ્મે પણ લીધું;
પતિત એકે કો'એ નરકમાં નવ પળે, આજ અલબેલડે એમકીધું. દીન૦ ૩
મન કર્મ વચને સત્ય કરી માનજો, અસત્ય મિથ્યા અમે શીદ ભાખું ?
નિષ્કુળાનંદ હરિ નિત્ય ઊઠી ચિંતવે, આવે અધમકોઈ શરણ રાખું. દીન૦ ૪

✤ ✤ ✤

ટેવ પડી તમને અધમઉદ્ધારવા, એહ વિના બીજું કાંઈ ન સૂઝે;
અખંડ અવતાર તે અધમઉદ્ધારવા, એહ મર્મને કોઈ સંત બૂઝે. ટેવ૦ ૧
નરતનુ ધારી એવું ના'વડે નાથજી, કોઈ જીવનું અકાજ કરતાં;
ભાવે-કભાવે કોઈ તમને ચિંતવે, તેહનાં પાપ તમે તર્ત હરતા. ટેવ૦ ૨
જેમરવિના ઘરમાં રજની નવ મળે, તો આરાધ્યે અંધારું ક્યાંથી આપે ?
જાણે-અજાણે જેમઅમૃતપાનથી, જનમ-મરણ અંગે નવ વ્યાપે; ટેવ૦ ૩
પોતાના ગુણ તે કોઈ નવ પરહરે, જેહમાં જેહવો ગુણ રહ્યો;
નિષ્કુળાનંદ નરતન ધરી નાથજી, અધમઉદ્ધારણ એવો ગુણ ગ્રહ્યો. ટેવ૦ ૪

ઉપસંહારમાં શ્રીસ્વામિનારાણ ભગવાનની કૃપા, કરુણા, વત્સલતા ને સુશીલતાનું પાતાળઝરણું જોઈ 'અભયદાન' આપવાની તેઓશ્રીની અપૂર્વ ઉદારતાથી કૃતાર્થતા અનુભવી અનાદિમુક્ત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીના શબ્દો જ આ સ્થળે ટાંકીશું :-

સ્થાવર જંગમચરાચર, સહુની લીધી છે સાર;
સ્થૂળ સૂક્ષ્મજીવ જગમાં, ઉતારિયા ભવપાર.
ભોગી કર્યા બ્રહ્મમો'લના, આપિયું અક્ષરધામ;

**આ** ગ્રંથમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય વાણી પાને પાને ઝળહળી રહેલી છે. સામાન્ય સિદ્ધાંત (શાસ્ત્રીય સમજણ) ને મુખ્ય સિદ્ધાંત (એકાંતિકની સમજણ)નો વિવેક અને ષડ્અંગી સંપ્રદાયનો મહિમા સંપ્રદાયના માન્ય શાસ્ત્રોના આધારે આ ગ્રંથમાં દર્શાવ્યામાં આવ્યો છે. તેમજ મુમુક્ષુને આત્યંતિક કલ્યાણના માર્ગમાં જે ભયસ્થાનો અને તેમાં આવતાં વિઘ્નોનું શાસ્ત્રીય સિદ્ધાંતીક રીતે સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. તેથી જ તો આ ગ્રંથના શ્રવણ-મનન-નિદિધ્યાસથી મુમુક્ષુમાત્રને 'આત્યંતિક કલ્યાણ'ના માર્ગમાં ચાલવાની અભિરુચિ ઉત્પન્ન થશે તે નિર્વિવાદ સત્ય છે. અક્ષરશઃ આ ગ્રંથ અહીં પ્રસ્તુત છે.

આપ પ્રતાપે ઉદ્ધારિયા, કરિયા પૂરણકામ..
વેરો ન કર્યો વરસતાં, ઘન પઠચે ઘનશ્યામ;
શુદ્ધ કરી સહુ જીવને, આપિયું ધામઈનામ.
કોટ ઉઘાડ્યા કલ્યાણના, ભાગ્યના ખોલ્યા ભંડાર;
ભૂખ ભાંગી ભૂખ્યા જનની, જગે કર્યો જેજેકાર.

✤ ✤ ✤

સ્વામિનારાયણ સહુને નક્કી લેવરાવ્યું નામ;
ભજન કરાવી આ ભવમાં આપિયું અક્ષરધામ.

✤ ✤ ✤

એમ અનેક અભય કર્યા પોતાતણે પ્રસંગ;
અખંડ ધામતેને આપિયું, સહુ કરી શુદ્ધ અંગ.

✤ ✤ ✤

નર-નારી નિઃશંક થયાં, ભાંગી બેઠાં સહુ ભય;
શરણ લીધું સ્વામીનું, તેને કર્યા નિર્ભય.

✤ ✤ ✤

આનંદ આપ્યો અતિ ઘણો રે, આ સમામાં અલબેલ પુરુ૦
નિર્ભયની નોબતો વાગીઓ રે, મળીયા મોહનરાય. પુરુ૦
કળશ ચડાવ્યો કલ્યાણનો રે, સહુના મસ્તક પર મોડ. પુરુ૦
ધન્ય ધન્ય આ અવતારને રે, જોવા રાખી નહિ જોડ. પુરુ૦
સહુને પાર સહુ ઉપરે રે, એવી ચલાવી છે રીત. પુરુ૦
નો'તી દીઠી-નો'તી સાંભળી રે, પ્રકટાવી એવી પુનિત. પુરુ૦
સ્વામિનારાયણ નામનો રે સિક્કો બેસારિયો આપ. પુરુ૦
એ નામને જે આશર્યા રે, તેના તે ટાળિયા તાપ. પુરુ૦
ખાતાં વળાવ્યાં છે ખોટનાં રે, ખરી કરાવી છે ખાટ. પુરુ૦
બંધ કીધાં બીજાં બારણાં રે, વે'તી કીધી અક્ષરવાટ. પુરુ૦
સૂરજ સહજાનંદજી રે, આપે થયા છે ઉદ્યોત. પુરુ૦
પૂર્વની દિશા યે પ્રકટી રે, ખોટા મોટા તે કર્યા ખદ્યોત. પુરુ૦
અષાડી મેઘે આવી કર્યા રે, ઝાઝાં બીજાં ઝાકળ. પુરુ૦
પૂર ચાલ્યાં તે પૃથ્વીએ રે, ધોયા ધરતીના મળ. પુરુ૦
ગાજવીજ ને વરસવું રે, અગમસુગમકર્યું સોય. પુરુ૦
સહુ જનને સુખ આપિયાં રે, દુઃખી રહ્યું નહિ કોય. પુરુ૦
શરમનો ઢોલ સુણાવિયો રે, દેવા લાગ્યા પોતે દાત. પુરુ૦
દુર્બળનાં દુઃખ કાપિયાં રે, ન જોઈ જાત-કુજાત. પુરુ૦[1]

અધમોદ્ધારક, પતિતપાવન શ્રી સ્વામિનારાયણ ભગવાને આ પૃથ્વી ઉપર પોતે નૃનાટ્ય ધારણ કરી મનુષ્યરૂપે જ્યાંસુધી વિચર્યા ત્યાં સુધી તો **આજ લે'રી આવિયા છે લે'રમાં મે'ર કરી છે મહારાજ** એ પ્રમાણે જીવોની પાત્રતા કે કરણી જોયા સિવાય કેવળ પોતાના બિરદ સામું જોઈ અનેક જીવોને અભયદાન આપ્યું; પરંતુ પોતાનું પ્રાદુર્ભાવકાર્ય સમાપ્ત કરી આ ભૂમિઉપરથી અંતર્ધાન થવાનો સંકલ્પ કર્યો ત્યારે **'અભયદાન'નો પ્રવાહ વ્યવસ્થિત કર્યો અને કૃપાસાધ્યતા પણ મર્યાદિત કરી. પોતાનું આત્યંતિક કલ્યાણનું સદાવ્રત ચાલુ રાખ્યું પરંતુ તે પોતાની અષ્ટ પ્રકારની મૂર્તિઓ દ્વારા, ધર્મવંશી આચાર્ય દ્વારા અને સત્સંગી જીવન-શિક્ષાપત્રી-વગેરે સચ્છાસ્ત્રો દ્વારા.** મનુષ્યરૂપે વિચરતા હતા તે વખતે પોતે કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ સમર્થ હોઈ પોતાની કૃપાનો વરસાદ જરાપણ સંકોચ વગર વરસાવ્યો; પણ પોતાના આશ્રિતોના અવલંબનસ્તંભો જે પોતે ભાવિ આશ્રિતો માટે સ્થાપિત કર્યા તેના સમાશ્રય માટે સમાશ્રિતોના પ્રયત્નની અપેક્ષા રાખી, ભક્તિ-ઉપાસના તથા જ્ઞાનોપદેશ માટે પાત્રતાની મર્યાદા મૂકી ને શિક્ષાપત્રીમાં આદેશ કર્યા પ્રમાણે દૈવી જીવોને જ તે અધિકાર આપ્યો.

હવે આપણે શ્રીસ્વામિનારાયણ ભગવાને જીવોના આત્યંતિક કલ્યાણનાં અવલંબનો આધારસ્તંભરૂપે સ્થાપિત કર્યાં છે તેનો વિચાર કરીશું.

## પ્રકરણ ૬ઠ્ઠું

### આત્યંતિક કલ્યાણના આધારસ્તંભો (૧)

'उन्मूलितस्वकवृषध्रुगधर्मसर्ग:
सम्पोषिताखिलवृषान्वय आत्मतंत्र: ।
आत्मीयभक्तजनकल्पमहीरूहाभो
वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥'

પોતાને પ્રિય એવા ધર્મસર્ગનો દ્રોહ કરનાર જે અધર્મસર્ગ તેનો આ લોકમાં પ્રકટ થઈ જેમણે નાશ કર્યો છે ને સમગ્ર ધર્મસર્ગનું પોષણ કર્યું છે; જે સર્વેશ્વર, આત્મારામને સ્વતંત્ર છે અને જે પોતાના ભક્તજનોના મનોરથ પરિપૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમાન છે એવા શ્રીસ્વામિનારાયણ ભગવાન વૃત્તાલયમાં (વડતાલમાં) સાક્ષાત્ જયકારી પ્રવર્તે છે.''[2]

અવતારી પરબ્રહ્મ પરમાત્મા શ્રીસ્વામિનારાયણ ભગવાને દુર્ગપુર (ગઢડા)માં એક સમયે એકાંતમાં બેસી સ્વપ્રાદુર્ભાવ પ્રયોજનનો વિચાર આ પ્રમાણે કર્યો :-

''કળિકાળના બળને પામીને અસુરોએ આ પૃથ્વી પર કુટુંબે સહિત અધર્મસર્ગ અતિશય વૃદ્ધિ પમાડતાં ધર્મ અતિ ક્ષીણતાને પામી ગયો હતો, જેથી સંતો, દેવતાઓ તથા ઋષિઓ અત્યંત કષ્ટ પામ્યા હતા; પાપીઓના ભારને સહન કરવા પૃથ્વી સમર્થ રહી ન હતી; તેવા સમયે પ્રાદુર્ભાવ પામી મેં તે સર્વ શમાવી દીધાં

છે અને મારા પ્રતાપથી અસુરો સમૂળ નાશ થઈ ગયા છે; ધર્મે સહિત ભક્તિનું પોષણ કરી, મેં ધર્મપિતા તથા ભક્તિમાતાને વૃદ્ધિ પમાડ્યાં છે અને સંતો, દેવતાઓ તથા મુનિઓ પરમસુખ પામ્યાં છે-વંશે સહિત અધર્મ તો અત્યારે નજરે પડતો જ નથી-મારા પ્રતાપથી તે દષ્ટિપથમાંથી ખસી જઈ ગુપ્ત સ્થળે જતો રહ્યો છે અને સર્વ મનુષ્યો પોતાના વર્ણધર્મ તથા આશ્રમધર્મના પાલન કરવાપૂર્વક મારું ભજન કરે છે-આ રીતે મારું પ્રાદુર્ભાવ પ્રયોજન સંપૂર્ણ થયું છે; તથાપિ આ પૃથ્વી ઉપરથી હું અંતર્ધાન થઈશ ત્યારે મારા ભક્તો તેમજ ભવિષ્યમાં થનારા મારા આશ્રિતો અવલંબન વિનાના થઈ જશે-તો તે સર્વેના અવલંબન માટે મારે કંઈ કરવું જોઈએ.

'एवं विचार्य भगवान् सर्वेषां च नृणां भुवि ।

व्यचिन्त्यद्धितं त्रेधा दयावात्सल्यवारिधिः ॥'

દયા ને વાત્સલ્યના સમુદ્ર એવા પરમાત્માએ આ પ્રમાણે વિચાર કરી આ ભૂમિવિષે સર્વ જીવોના હિતનો આમત્રણ પ્રકારે વિચાર કર્યો :-

'कारयित्वा मंदिराणि तत्र स्वप्रतिमा अहम् ।

स्थापयेय ततस्ताश्च सेविष्यन्ते हि मानवाः ॥'

મહામંદિરો કરાવી તેમાં મારી મૂર્તિઓ સ્થાપન કરું, જે કરવાથી મનુષ્યો તે તે મૂર્તિઓની ભક્તિ-ઉપાસના કરી શકે.

'स्वधर्मे वर्तमानानां पुंसां तत्सेवनादिह ।

सिद्धिमेष्यति सर्वेषां पुरुषार्थचतुष्टयम् ॥'

સ્વધર્મમાં રહેનારા મનુષ્યો આલોકમાં તે મૂર્તિઓની સેવાભક્તિ કરવાથી ધર્મ, અર્થ, કામને મોક્ષ-એ ચારે પુરુષાર્થની સિદ્ધિ પામશે.

'भक्तिमार्गस्य पुष्ट्यर्थं मंत्रदीक्षाप्यपेक्ष्यते ।

अतो धर्मान्वये शुद्धे गुरुत्तां स्थापयेय च ॥'

ભક્તિમાર્ગની પુષ્ટિ માટે મંત્રદીક્ષાની પણ અપેક્ષા છે તો શુદ્ધ ધર્મકુળમાં ગુરુપદ-આચાર્યપદ સ્થાપન કરું.

'धर्मज्ञानविरक्तीनां भक्तेश्चावगमाय तु ।

ग्रंथकर्ता शतानंदो मच्चरित्रोपबृंहितम् ॥'

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિનો મારા આશ્રિતોને યથાસ્થિત બોધ થાય તે વાસ્તે મારાં લીલા-ચરિત્રોથી પૂર્ણ એવો એક ગ્રંથ (સત્સંગીજીવન) શતાનંદમુનિ પાસે કરાવીશ.

'सिद्धान्तं सर्वशास्त्राणां तेन ज्ञास्यंति मच्छ्रिताः ।

एवमेव ततः कृत्वा यायां धाम स्वकं भुवः ॥'

તે મહાગ્રંથ (સત્સંગીજીવન)ના સેવનથી મારા આશ્રિતોને શાસ્ત્રમાત્રનો સિદ્ધાન્ત સમજાઈ જશે. આટલું કાર્ય કરી રહ્યા પછી હું આ નૃનાટ્ય સંકેલી મારા અક્ષરધામમાં જઈશ.[3]

**આ ત્રણ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ગૂઢ સંકલ્પ છે.** પોતે સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સ્વયં પુરુષોત્તમહોઈ પોતાનું પ્રકટપણું, મનુષ્યરૂપે પ્રાદુર્ભાવ ને અંતર્ધાન થાય તે સમય પૂરતું જ અન્ય અવતારોની માફક મર્યાદિત ન રાખતાં, પોતાનું નૃનાટ્ય આ લોકમાંથી સંકેલી લીધા પછીથી પણ પાછળ મૂકી જઈ આત્યંતિક કલ્યાણનો સર્વજીવહિતાવહ ધુરંધર માર્ગ ચાલુ રાખવાનો પોતાનો ગૂઢ સંકલ્પ હતો. અવતારોનું પ્રાકટ્ય આ પૃથ્વી ઉપર હતું ત્યાં સુધી જ એમના આશ્રિતોનું કલ્યાણ કર્યું પણ અંતર્ધાન થતાં એમનું પ્રકટપણું પણ તિરોહિત થઈ ગયું; જ્યારે પૂર્ણ પુરુષોત્તમશ્રી સ્વામિનારાયણ ભગવાને આ વખતે સ્વયં આ પૃથ્વી પર પધારી 'અક્ષરવાટ વહેતી મૂકી' ને આત્યંતિક કલ્યાણનો રાહ-અક્ષરધામની વાટ-અનંતકાળ માટે ચાલુ રાખી; પણ આત્યંતિક કલ્યાણનો માર્ગ બંધ કર્યો નહિ. અનાદિમુક્ત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીના શબ્દોમાં કહીએ તો **'અખિલ બ્રહ્માંડના જીવોને ઉદ્ધારવાનું જેમણે પણ લીધું હોય, જેમને અધમોનો ઉદ્ધાર કરવાની ટેવ પડી ગઈ હોય અને એ સિવાય બીજું જેમને કાંઈ સૂઝતું ન હોય'**, એવા પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન આત્યંતિક કલ્યાણનું દિવ્ય સદાવ્રત ન સંકેલી લે એમાં આશ્ચર્ય પામવાનું શું હોય ? પ્રકટ ભગવાનની ઉપાસના-ભક્તિ સિવાય જીવોનું આત્યંતિક કલ્યાણ થાય જ નહિ એ સિદ્ધાંત જે મુકતકંઠે પ્રવર્તાવતા હોય, તે પોતાનું પ્રકટપણું સંકેલી લે એ બને પણ કેમ? સૂર્યનારાયણની આરાધના કોઈ અંધકાર મેળવવા માટે કરે તો એ જેમઅંધકાર ન આપી શકે, કારણ કે એમની પાસે એ છે જ નહિ; તેમજે પરમાત્મા **'સદાપ્રકટ'** ને **'સદાપ્રત્યક્ષ'** હોય તે પરોક્ષ થાય પણ કેવી રીતે ? અને જો એ પરોક્ષ થાય તો જીવોનું આત્યંતિક કલ્યાણ પણ અટકી પડે, કારણ કે પરોક્ષ ભક્તિ કે ઉપાસનાથી કોઈનું આત્યંતિક કલ્યાણ થતું જ નથી. તે કહ્યું છે :-

---

(૧) નિષ્કુળાનંદકાવ્ય પુરુષોત્તમપ્રકાશ પ્રકાર ૫૪-૫૫

(૨) સત્સંગીજીવન (વડતાલ પ્રત) પ્રકરણ ૫ અધ્યાય ૬૮ શ્લોક ૮૮

(સિદ્ધમુક્ત શતાનંદ મુનિ)

(૩) સત્સંગીજીવન પ્રકરણ ૪ અધ્યાય ૨૪ શ્લોક ૯ થી ૧૪

(ક્રમશઃ)

## ભક્તિયોગ નિરૂપણ ચિંતન

# તનાવ મુક્ત જીવન જીવવા નવધા ભક્તિ

રમણભાઈ ગજ્જર - ભુજ (ફોટોજર્નાલીસ્ટ)

હઠયોગ, રાજયોગ, મંત્રયોગ, લયયોગ, તપ, ધ્યાન, જ્ઞાન અને ભક્તિ વિગેરે અલગ અલગ છે. પરંતુ દરેકનું પરિણામએકજ છે. પરમાત્માની પ્રાપ્તિ, પરમાત્માની અનુભૂતિ, પરમાત્માનો સાક્ષાત્કાર.

શરીર ટકાવી રાખવા માટે ખોરાકની જરૂર છે. તેમજીવાત્માનો ખોરાક, ઈશ્વર ઉપાસના-પ્રેમલક્ષણા ભક્તિ છે.

ભજનાનંદ, બ્રહ્માનંદ અને વિષયાનંદ એમત્રણ પ્રકારના આનંદની વાત શાસ્ત્રોમાં લખી છે. જેમાં ભજનાનંદ અને બ્રહ્માનંદને શ્રેષ્ઠ ગણ્યો છે. ભજનાનંદનો અનુભવ ભક્તિથી કરી શકાય છે.

ચૈતન્ય મહાપ્રભુ, સંત તુકારામ, સંત જ્ઞાનેશ્વર, સંત એકનાથ, નરસિંહ મહેતા, ભક્ત પ્રહલાદ, ધ્રુવ, મીરાબાઈ, શીબીરાજા જેવા અનેક ભક્તોના જીવન કવનમાંથી ભક્તિયોગ શીખી શકાય છે.

ભક્તિની વ્યાખ્યા કરતાં સંત એકનાથ કહે છે કે, “વ્યક્તિના શ્રેષ્ઠ ગુણોને વિકસાવવાની કાર્ય કરતી વિદ્યા એટલે જ ભક્તિ.

ભક્તિ શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ છે. તે ભજ ધાતુ પરથી બનેલ છે. ભગવાનનું માહાત્મ્ય જ્ઞાને યુક્ત જે અત્યંત સ્નેહ થાય તેનું નામજ ભક્તિ.

ભક્તિ એ કોઈ દવા કે ઉપાય નથી કે જ્યારે દુ:ખ, મુશ્કેલી આવે કે કોઈ ચોક્કસ કાર્ય સિદ્ધિ મેળવવા માટે કરવાની હોય. સાચા ભક્તો તો નિરંતર ભક્તિ માર્ગને અનુસરતા હોય છે. ભક્તિને જીવનનું અવિભાજ્ય અંગ બનાવવું જોઈએ.

ભજન, ભોજન, ભ્રમણ અને ભાષણ વગરનું માનવ જીવન શુષ્ક-નિરર્થક છે.

રામાયણમાં અનેક પાત્રો દ્વારા વાલ્મિકી ઋષિએ ભક્તિનો મહિમા સમજાવ્યો છે તે આપણે સૌ જાણીએ છીએ.

ભક્તિ વગરનું દાંપત્ય જીવન કલ્પી શકાયજ નહિ. કારણ કે પુરૂષ એ જ્ઞાનનું અને સ્ત્રી એ ભક્તિનું પ્રતિક છે. ભક્તિ સામે જ્ઞાનને માથું ઝૂકાવવું જોઈએ જ. અને પછી જુઓ કે દાંપત્ય જીવન કેવું સુખી-સમૃધ્ધ બને છે.

જીવનની સફળતાનો આધાર જ્ઞાન અને ભક્તિ પર અવલંબે છે. જ્ઞાનથી સારા ખોટાનો વિવેક સમજાય છે. જ્યારે ભક્તિ દ્વારા તેમાં રહેલો આનંદ રસ લઈ શકાય છે. આવી ભક્તિને મહર્ષિ અરવિંદે જ્ઞાનોત્તર ભક્તિ કહી છે.

આજે ચોતરફ ભૌતિકવાદ ફૂલતો ફાલતો જાય છે. અને વિકસિત રાષ્ટ્રો અણુયુધ્ધોની જેહાદ જગાવી રહ્યા છે. તેમજ ત્રાસવાદ સર્વ મર્યાદાઓ ઓળંગી રહ્યો છે. તેવા સમયે આંતર રાષ્ટ્રીય જન જીવનને શાશ્વતી શાંતિ-સલામતી આપવા માટે ભક્તિ પરાયણ નેતૃત્વની તાતી જરૂરિયાત છે.

શ્રવણ ભક્તિ, કીર્તન ભક્તિ, સ્મરણ ભક્તિ, ચરણ સેવા, અર્ચના ભક્તિ, વંદન



“ભક્તિ એ કોઈ દવા કે ઉપાય નથી કે જ્યારે દુ:ખ, મુશ્કેલી આવે કે કોઈ ચોક્કસ કાર્ય સિદ્ધિ મેળવવા માટે કરવાની હોય. સાચા ભક્તો તો નિરંતર ભક્તિ માર્ગને અનુસરતા હોય છે. ભક્તિને જીવનનું અવિભાજ્ય અંગ બનાવવું જોઈએ.”

ભક્તિ, દાસ્ય ભક્તિ, સખ્ય ભક્તિ અને આત્મનિવેદન એમનવ પ્રકારની ભક્તિ થઈ શકે છે.

આ નવ પ્રકારની ભક્તિમાં પણ ઉત્તમ, મધ્યમઅને કનિષ્ઠ એમત્રણ પ્રકાર છે. એટલે કે ૯X૩=૨૭ પ્રકાર થયા. તેમાં પણ સાત્ત્વિક, રાજસી અને તામસી એવા ત્રણ ભેદ છે અર્થાત ૨૭X૩=૮૧ પ્રકારે ભક્તિ થઈ શકે છે. જ્યારે પ્રેમલક્ષણા ભક્તિ પતિવ્રતાની ભક્તિને '૮૨' મી ભક્તિ કહી છે. જે સર્વોત્તમગણાય છે.

મનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જો ભક્તિનું મૂલ્ય કરવામાં આવે તો સમજાશે કે, મગજમાંથી નીકળતા વિચારોના હજારો સ્પંદનોને સાચી જગ્યાએ કેન્દ્રિત કરવા માટે, પ્રભુ પ્રત્યે કેન્દ્રિત કરીને કાબૂ મેળવી ધ્યાન ઉપાસના કરવાથી તનાવ મુક્ત જીવન જીવી શકાય છે. આ વાંચવાની નહિ પણ અનુભવવા જેવી વાત છે.

ભક્તિની વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જો અસર તપાસીએ તો જણાશે કે, ભક્તિ કરવાથી આંતર મનની વિકૃતિઓ દૂર કરી શકાય છે. તેનાથી વિચાર શુધ્ધિ પ્રાપ્ત થાય છે. જેના પરિણામે શારીરિક ક્રિયાઓ સારી રીતે અને સાહજિક રીતે કરી શકાય છે. મન પ્રફુલ્લિતતા અનુભવે છે. નોકરી-ધંધામાં ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે. જેની અસર વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રની વિકાસપ્રક્રિયા ઉપર થતી જોવા મળે છે.

ભક્તિની માનવ શરીર ઉપર થતી અસર તપાસતા જણાશે કે લોહિની અભિસરણ ગતિ શાંત થાય છે. લોહીમાં આમ્લતામાં ફેરફાર થાય છે. પરિણામે શરીરની ક્રિયાઓ શાંત-સરળ અવસ્થાનો અનુભવ કરે છે. જેનું સીધુ પરિણામએ આવે છે કે માનવીમાંથી તનાવ, ક્રોધ, ઉદ્‌વેગ, આવેશ, કામોત્તેજના દૂર થાય છે. શરીરના સંદેશ વાહક તથા આજ્ઞા ધારક જ્ઞાનતંતુઓ વિશ્રામઅવસ્થામાં આવી જતા, મગજ ઉપર ભક્તિ ભાવ શિવાય કંઈજ રહેતું નથી. તેથી શરીર અલૌકિક તાઝગી, આનંદ અનુભવે છે. સંસારના આધિ વ્યાધિ અને ઉપાધિની ચિંતાઓથી મુક્ત બનવાના કારણે તે હળવો ફૂલ થઈ જાય છે.

ભક્તિનો મહિમા વર્ણવતા શ્રીમદ્દ ભાગવત લખે છે કે, દયા-સ્વધર્મ પાલન, યમ-નિયમ, શાસ્ત્ર શ્રવણ, સત્કર્મ તથા અન્ય કર્મોનું પરિણામછે મનો નિગ્રહ. આવો મનો નિગ્રહ એ જ સર્વોત્તમયોગ છે. આવો યોગ ભક્તિ પધ્ધતિને અનુસરે છે અને જેણે મન જીત્યું છે તેણે જગતને પણ જીત્યું છે.

ગીતા ગ્રંથમાં પણ "ભક્તિ યોગ" વિષે ઘણું કહેવાયું છે. સુવિદિત બાબત છે.

ટી.વી. ચેનલો અને અશ્લિલ સાહિત્ય દ્વારા અપાતા હિંસા-વાસનાના આક્રમણથી પરિવારને બચાવવા માટે ઘરમાં ભક્તિમય વાતાવરણ હોવું જરૂરી છે.

"વસુધૈવ કુટુંબકમ્"ની ભાવનાને તથા "ક્ષમા વીરસ્ય ભૂષણમ્"ની ભાવનાને સાકાર કરવાની તાકાત ભક્તિમાં રહેલી છે.

ભક્તના લક્ષણો બતાવતાં પ્રસિધ્ધ પ્રવક્તા ઓશોજી કહે છે કે, "અપીલ કરે તે શિષ્ય ન કહેવાય, દલીલ કરે તે દાસ ન કહેવાય અને ભાંજગડ કરે તે ભક્ત ન કહેવાય".

વિશ્વમાં સર્વશ્રેષ્ઠ ગણાતી ભારતીય કુટુંબ વ્યવસ્થા, સંયુક્ત કુટુંબ પ્રથાને પણ જો અકબંધ રાખવી હશે તો ભક્તિયોગનું શરણું લીધા શિવાય છૂટકો નથી જ.

સદ્‌ગુરૂ શ્રી ભૂમાનંદ સ્વામીએ કહ્યું છે કે, "ભક્તિ કરનારનું જીવન, સાદુ-સરળ-સંયમી અને સત્સંગ પરાયણ તથા નીતિ પરાયણ હોય છે. તેનું ચારિત્ર્ય પણ અણિ શુધ્ધ હોય છે. સમાજમાં આદર્શ ભક્તનું સ્થાન અદ્યાપિ પર્યંત પણ ઉંચુ રહ્યું છે.


પોતાના ઈષ્ટ દેવી-દેવતા શિવાય અન્ય કોઈપણ જગ્યાએ માથું નમાવીએ તો ભક્તિમાં ઓટ આવે છે. અન્ય દેવી-દેવતાની ઉપાસના કરવાથી કે સંકલ્પ કરવાથી ભક્તિ, વ્યભિચારિણી (વેશ્યાની) ભક્તિ બને છે. સર્વ ધર્મ સંપ્રદાયો પ્રત્યે સમભાવ રાખવો જોઈએ પણ મર્યાદાઓને સમજીને.

માનવીમાં રહેતા મહત્તમદુર્ગુણોથી દૂર રહીને વિવેક સહ-બુધ્ધિ પૂર્વક ભક્તિમય બનવું જોઈએ. ભક્તિમાં બાહ્ય દેખાવને કોઈ જ સ્થાન હોવું જોઈએ નહિ. પણ, આંતર મનની શુધ્ધિ અનિવાર્ય છે.

એમકહેવાય છે કે, "જીસ માલિકને દર્દ દિયા હૈ, વહી દવા ભી દેગા" પણ માલિક પાસે દવા લેવા જવું પડશે અને તે માર્ગ ભક્તિનો માર્ગ છે.

પરમાત્મામાં માનવું કે ન માનવું તે વ્યક્તિની પોતાની વ્યક્તિગત બાબત છે. તેમછતાં નાસ્તિક બનવું ખૂબજ મુશ્કેલ છે. અને નાસ્તિકતાનો માર્ગ પતનની ખાઈનો માર્ગ છે. તો પછી માનવજીવનને ઉર્ધ્વગતિ તરફ પ્રયાણ કરાવતો ભક્તિ માર્ગ શા માટે ન અપનાવવો ? જેમાં ફાયદો જ છે. નુકશાન કંઈ જ નથી.

✤ ✤ ✤



# સત્સંગ સમાચાર પત્રિકા

અહેવાલ :- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી-વડતાલ તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

## અમરેલીને આંગણે પવિત્ર અધિક માસમાં યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ

અમરેલીને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી પવિત્ર અધિક માસમાં તા. ૧૮-૫-૦૭ થી તા. ૨૪-૫-૦૭ સુધી શ્રી સ્વામિનારાયણ મંદિર - પાણી દરવાજા અમરેલી આયોજીત અને અ.નિ. પ.ભ. શ્રી વલ્લભભાઈ પોપટભાઈ માલવીયાની પુણ્ય સ્મૃતિમાં તેમના પરિવારના મુખ્ય યજમાનપદે સરધાર નિવાસી પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા અમરેલી નિવાસી પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજીના વ્યાસાસને સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વક્તાશ્રી દ્વારા ઘનશ્યામ જન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે બગસરાથી પૂ. સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી વગેરે અનેક ધામોધામથી સંતો-મહંતો પધારી દર્શન-પ્રવચનનો લાભ આપ્યો હતો.

## અમદાવાદ-બાપુનગરને આંગણે ભવ્ય રાત્રિ સત્સંગ સભા

તા. ૨૫-૫-૦૭ના રોજ અમદાવાદ શહેરના બાપુનગર ખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી લક્ષ્મીનારાયણ યુવક મંડળ દ્વારા ભવ્ય રાત્રિ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપ-દાસજીના વિદેશ ધાર્મિક યાત્રાના ઉપક્રમે યોજાયેલ આ સત્સંગ સભામાં પૂ. સ્વામીશ્રીએ તથા પૂ. પૂર્ણસ્વરૂપદાસજી સ્વામીએ સત્સંગ કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

અંતમાં પૂ. સ્વામીશ્રીનું તથા સાથે જઈ રહેલ પૂ. સંતોનું પુષ્પમાળા પહેરાવીને અગ્રગણ્ય ભક્તો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

## બોટાદને આંગણે પવિત્ર અધિક માસમાં યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ

બોટાદને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી પવિત્ર અધિક માસમાં તા. ૨૪-૫-૦૭ થી તા. ૩૦-૫-૦૭ સુધી ધર્મકુળ આશ્રિત શ્રી હરિકૃષ્ણ યુવક મંડળ આયોજીત ખોપાળા નિવાસી પૂ સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના કૃપાપાત્ર શિષ્ય પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજીના વ્યાસાસને સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વક્તાશ્રી દ્વારા ઘનશ્યામ જન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે અમરેલીથી પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી તથા બગસરાથી પૂ. સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી તથા સરધાર નિવાસી પૂ. સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી વગેરે અનેક ધામોધામથી સંતો-મહંતો પધારી દર્શન-પ્રવચનનો લાભ આપ્યો હતો.

## પેટલાદને આંગણે પવિત્ર અધિક માસમાં યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ

પેટલાદઆંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી પવિત્ર અધિક માસમાં તા. ૨૧-૫-૦૭ થી તા. ૨૮-૫-૦૭ સુધી પ.ભ. શ્રી હરિકૃષ્ણ સૂર્યકાંતભાઈ પટેલ (ગાયક કલાકાર)ના મુખ્યયજમાનપદે પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના કૃપાપાત્ર શિષ્ય સ્વામી શ્રી નિષ્કામસ્વરૂપદાસજીના વ્યાસાસને સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વક્તાશ્રી દ્વારા ઘનશ્યામ જન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા.

## સુણાવને આંગણે પવિત્ર અધિક માસમાં યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ

આણંદ જિલ્લાના સુણાવ ગામને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી પવિત્ર અધિક માસમાં તા. ૨૮-૫-૦૭ થી તા. ૧-૬-૦૭ સુધી શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત મુખ્યયજમાનપદે પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના કૃપાપાત્ર શિષ્ય સ્વામી શ્રી નિષ્કામસ્વરૂપદાસજીના વ્યાસાસને સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વક્તાશ્રી દ્વારા ઘનશ્યામ જન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા.

## ગોધરાને આંગણે પવિત્ર અધિક માસમાં યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ

ગોધરાને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી પવિત્ર અધિક માસમાં તા. ૨-૬-૦૭ થી તા. ૮-૬-૦૭ સુધી ધર્મકુળ આશ્રિત શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ આયોજીત ખોપાળા નિવાસી પૂ. સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના કૃપાપાત્ર શિષ્ય પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજીના વ્યાસાસને સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વક્તાશ્રી દ્વારા ઘનશ્યામ જન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે અ બગસરાથી પૂ. સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી તથા વડતાલથી પૂ. ઘનશ્યામસ્વામી, પૂ. ધર્મવલ્લભ સ્વામી વગેરે અનેક ધામોધામથી સંતો-મહંતો પધારી દર્શન-પ્રવચનનો લાભ આપ્યો હતો.

## હૈજરાબાદને આંગણે પવિત્ર અધિક માસમાં યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ

આણંદ જિલ્લાના હૈજરાબાદ ગામને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી પવિત્ર અધિક માસમાં તા. ૨૪-૫-૦૭ થી તા. ૩૦-૫-૦૭ સુધી શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત મુખ્યયજમાનપદે પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના કૃપાપાત્ર શિષ્ય સ્વામી શ્રી નિષ્કામસ્વરૂપદાસજીના વ્યાસાસને સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વક્તાશ્રી દ્વારા ઘનશ્યામ જન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા.

## બોરિવલીને આંગણે પવિત્ર અધિક માસમાં યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ

મુંબઈ શહેરના બોરિવલી ખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી પવિત્ર અધિક માસમાં તા. ૪-૬-૦૭ થી તા. ૧૦-૬-૦૭ સુધી અમરેલી નિવાસી પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજીના કૃપાપાત્ર શિષ્ય સ્વામી શ્રી ગોપાલમુનિદાસજીના વ્યાસાસને સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન નવાહ્ન પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વક્તાશ્રી દ્વારા ઘનશ્યામ જન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા.


આ પ્રસંગે અમરેલી નિવાસી પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી આદિક સંતો પધારી ભક્તજનોને કથા-વાર્તાનો લાભ આપ્યો હતો.

## અક્ષરવાસ



અમરેલીના સંનિષ્ઠ અને સહજાનંદી શૂરવીર પરમભક્તરાજ શ્રી રવજીભાઈ નાગજીભાઈ વનપરીયા (દૂધવાળા) (ઉ.વ. ૫૫) તા. ૨૦-૫-૦૭ના રોજ ભગવાન શ્રીહરિના લીલાચરિત્રોની કથા સાંભળતા સાંભળતા આ પંચભૌતિક શરીરનો ત્યાગ કરી શ્રીજીમહારાજના ધામમાં સિધાવ્યા છે. તેઓ સ્વભાવે અત્યંત રમૂજની સાથે પ્રેમાળ, ધર્મનિષ્ઠ, કર્મનિષ્ઠ સેવાભાવી અને પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેમજ સાચા સંતોનો દૃઢ મનોબળની સાથે પક્ષ રાખતા હતા. તેઓ અમરેલી મંદિરમાં કાયમી ઠાકોરજી અર્થે દૂધની સેવા તેમજ પૂ. સંતો અને સાંખ્યયોગી બહેનોની સેવા ખૂબજ ખંતથી અને ઉત્સાહપૂર્વક કરતા હતા. આવા ભક્તરાજના અક્ષરધામગમનથી અમરેલી સત્સંગ સમાજને અતિ ખોટ પડી છે. તેઓશ્રીના પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખને સહન કરવાની શક્તિ-બળ આપે અને તેઓ ભગવાન શ્રીહરિના મૂર્તિના સુખે સુખીયા થાય તેવી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં પ્રાર્થના...

## રઘુવીરવાડી-વડતાલ ખાતે પવિત્ર અધિક માસમાં પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં યોજાયેલ અખંડ અધિક માસ શ્રીહરિયાગ યજ્ઞાનુષ્ઠાન



આ પુરુષોત્તમમાસમાં યથાશક્તિ વ્રત-દાન-તપ પરાયણ રહીને ભગવાનની ભક્તિનું બળ સવિશેષ વધારવાનું હોય છે, તેને અનુલક્ષીને નિષ્કામ-ભાવથી પ્રભુ પ્રસન્નતાર્થે કરેલા પૂજા-યજ્ઞાદિથી પણ ભગવાન શ્રીહરિના પ્રીતિપાત્ર થવાય તો તેવા ભગવદ્ આરાધનામય યજ્ઞાદિ પણ એહિક-પારલૌકિક શ્રેયસ્કારી જરૂર બની જાય છે. તે માટે કોઈ પણ વ્રત-દાન-યજ્ઞાદિથી ભગવત્પરાયણ થવું એ જ આ પુરુષોત્તમમાસનો અધિક લાભ માનેલો છે.

ઉપરોક્ત હેતુ અનુસાર તેમજ અહિંસામય યજ્ઞ તથા વિપ્ર પ્રિય ભગવાન શ્રી સ્વામિનારાયણની ડભાણ, જેતલપુર વગેરેમાં પ્રવર્તાવેલી સર્વહિતાવહ પરંપરાને જીવંત રાખવા માટે વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની કુળપરંપરા મુજબ દર અધિક માસમાં સમસ્ત સત્સંગ સમાજના હિતને માટે સંપૂર્ણ એક મહિના સુધી યજ્ઞાનુષ્ઠાન કરવામાં આવે છે. જેમાં દક્ષિણ વિભાગસ્થ તમામનાના-મોટા હરિમંદિરોના દેવોના નામથી પ.પૂ. મહારાજશ્રી દ્વારા યજ્ઞદ્રવ્ય-બીરંજ આદિની આહુતિઓ અર્પવામાં આવે છે અને તેનાથી સંતુષ્ટ થયેલા દેવો દ્વારા સમગ્ર સત્સંગના શ્રેયસની શુભકામના સાકારિત કરવામાં આવે છે.

તેવી જ રીતે આ ચાલુ વર્ષે પણ અધિક જેઠ માસમાં તા. ૧૬-૫-૦૭ અધિક જેઠ સુદ - ૧ થી તા. ૧૫-૬-૦૭ અધિક જેઠ વદ - ૩૦ સુધી પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીની દિવ્ય સાંનિધ્યમાં પચ્ચીસથી વધારે વિપ્રો પ.પૂ. ધ.ધુ. મહારાજશ્રીના નિવાસસ્થાને શ્રી રઘુવીરવાડીમાં એક મહિનો સુધી અખંડ નિવાસ કરીને સાક્ષાત્ ભગવાન શ્રી સ્વામિનારાયણનું આરાધનામય યજ્ઞથી પૂજન કરાવ્યું હતું. આ યજ્ઞાનુષ્ઠાનમાં દરરોજ સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી અતિ ભક્તિભાવપૂર્વક પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા ભગવાન શ્રીહરિના અસ્થિ ઉપર કેસરયુક્ત પંચામૃત જળેથી અને વિપ્રોના વેદગાનની સાથે મહાઅભિષેક કરવામાં આવતો હતો. ત્યારબાદ બપોરે ઠાકોરજીને અન્નકૂટના રૂપમાં થાળ ધરાવવામાં આવતો અને ખુદ પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા નંદસંતો રચિત થાળ પદો અને કીર્તનો પદોનું ગાન કરવામાં આવતું હતું. ત્યારપછી પ.પૂ. ધર્મકુળ દ્વારા આ વિપ્રોને ભોજન-દક્ષિણાદિથી ખૂબજ સંતુષ્ટ કરવામાં આવ્યા હતા.

બપોરે ૩ થી ૭ વાગ્યા સુધી પ.પૂ. લાલજી મહારાજશ્રી અને વિપ્રો દ્વારા સત્સંગના શ્રેયસની શુભકામના અર્થે યજ્ઞકુંડમાં આહુતિઓ અપાતી હતી. ત્યારબાદ ઠાકોરજીને થાળ, આરતી, સ્તુતિ, નિત્યનિયમવગેરે પ.પૂ. લાલજી મહારાજશ્રી અને અન્ય ધર્મકુળ પરિવાર સદસ્યો સાથે કરવામાં આવતા હતા. આમ, સંપૂર્ણ એક મહિનો ખૂબજ ભક્તિભાવથી શ્રીહરિયાગ યજ્ઞાનુષ્ઠાન કરવામાં આવ્યું હતું.

અનુસંધાન પાન નં. ૭ પરનું

જોતજોતામાં ચાતુર્માસ પૂર્ણ થયો, સ્વામીજીએ શુભ દિવસે પ્રયાણ કર્યું. ભક્તજનોએ સ્વામીજીને વળાવ્યા.

બીજા દિવસની વાત છે. સ્વામીજીના ઘણા વર્ષોના શ્રીમંત ભક્તો આવ્યા સ્વામીજીને વંદના કરીને ગામમાં આવ્યાં. ગામના અગ્રણીઓને ભેગા કરીને તેમના હાથમાં પાંચ હજાર રૂપિયા આપીને કહ્યું : ‘‘આ ગામમાં અમારા સંત ગોપાલજીએ ચાતુર્માસની કથા કરી છે. તેની સ્મૃતિ રૂપે મધ્યભાગમાં સ્વામીજીનું બાવલુ (ટેચ્યુ) ઊભું કરજો અને તેની નીચે સ્વામીજીનું એક સુવર્ણ વાક્ય કોતરજો.’’

ગ્રામજનો તો રાજી રેડ થઈ ગયા, દોડ્યા સ્વામીજીની પાછળ, ઝપાટાબંધ પંથ કાપતા સ્વામીજીને પકડી પાડ્યા. એક વડલા નીચે સ્વામીજી અને ભક્તજનો બેઠા. સ્વામીજી એ પૂછયું : ‘‘બંધુઓ ! કેમ આવવુ થયું ?’’

‘‘સ્વામીજી ! વાત એમછે કે આપના શ્રીમંત ભક્તોએ અમને પાંચ હજાર રૂપિયા દઈને આપનું બાવલુ મુકવાનું કહ્યું છે. અમારી પણ એજ ભાવના છે. તો એની નીચે કોતરવા માટે એક સુવર્ણવાક્ય આપ ફરમાવો, અમે તે માટે આવ્યા છીએ.’’ એક અગ્રણીજન બોલ્યો.

ત્યારે  સ્વામીજીએ કહ્યું. : ‘‘અલ્યા ! ભાઈ ! મારા જેવા સામાન્ય માણસનું તે બાવલું હોતુ હશે ? આપ તે કેવા ગાંડા થયા છો.’’

પણ હવે ગ્રામજનો માને તેમન હતા, તેથી ઘણી રકઝકના અંતે પણ ગ્રામજનો માન્યા નહિ એટલે સ્વામીજીએ કહ્યું : ‘‘લખી લો ત્યારે મારું સુવર્ણ વાક્ય ‘મારા ભક્તોથી ચેતતા રહેજો !’’ આ સાંભળીને જ ગ્રામજનો તો સ્તબ્ધ થઈ ગયા.... આનું કારણ, એક ભારતીય અંદર-બહાર એકતાનાં આર્જવ-ગુણ યુક્ત વિભૂતિ સંતનો પ્રભાવ જ હતો !!!

## આજે જ જુઓ અને તપાસો.  આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે ?

વ્હાલા ભક્તજનો ! ‘શ્રી સ્વામિનારાયણ ચિંતન’ના દરેક અંકમાં સરનામાના લેબલ (મેઈલ બોક્સ) ઉપર આપનો ગ્રાહક નંબર અને આપનું લવાજમપૂરું થવાના મહિના-વર્ષની માહિતી આપવામાં આવે છે. માટે આપના ‘શ્રી સ્વામિનારાયણ ચિંતન’ના કવર પર સરનામાનું લેબલ હંમેશા તપાસતા રહો, અને લવાજમપૂરું થાય તે પહેલાં જ આશરે ૪૦ દિવસ પહેલા આપના નજીકના વિસ્તારમાં ‘ચિંતન’ અંકના ગ્રાહક નોંધણી કરતા કાર્યકર  પાસે આપનો ગ્રાહક નંબર આપીને લવાજમભરવું, જેથી ‘શ્રી સ્વામિનારાયણ ચિંતન’નો એક પણ અંક ચૂકી ન જવાય. અને હા, દર વર્ષે લવાજમભરવાનું યાદ રાખવું પડે તે કરતાં પાંચ વર્ષનું અથવા આજીવન લવાજમએકસાથે પણ ભરી શકાય છે.

સરનામાના લેબલના નીચે આપેલા નમૂના પરથી આપ આપના અંકનું લેબલ તપાસતા રહો અને નવું લવાજમભરવાની પ્રક્રિયા સમયસર કરતા રહો...

મુ. રાજકોટ નંબર : 1
ગઢવી પ્રફુલભાઈ જબરદાનભાઈ
૧૦ ‘રામપ્રતાપ’ ગીતાનગર મેઈન રોડ, રાજકોટ
પીન - ૩૬૦૦૦૨ પોસ્ટીંગ તારીખ : ૨૦-૫-૦૭
લવાજમ પુરૂ : 10/20/07

**આ છે આપના અંકના લવાજમ સમાપ્તિની તારીખ**

## શ્રી સ્વામિનારાયણ ચિંતન માસિક પ્રકાશન માલિકી અંગેની માહિતી

**FROM-8**

૧. પ્રકાશન સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
૨. પ્રકાશન સમય : માસિક - દર મહિનાની ૨૦મી  તારીખે
૩. મુદ્રકનું નામ : સહજાનંદ પ્રેસ
રાષ્ટ્રીયતા : હન્દી
સરનામું : ૮૦ ફુટ રોડ, ભક્તિનગર સર્કલ - રાજકોટ
૪. તંત્રીનું નામ : સાધુ દિવ્યસ્વરૂપદાસજી
રાષ્ટ્રીયતા : હિન્દી
સરનામું : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર. તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫
૫. માલિક : કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી
રાષ્ટ્રીયતા : હિન્દી
સરનામું : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર. તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫

હું કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

**સહી : કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી**

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

સરધારધામને આંગણે આગામી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા

# "ટુંક સમયમાં જ પ્રકાશિત થાય છે..."

**સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા વિરચિત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો મહાન સમ્રાટ ગ્રંથ (મૂળ શ્લોક સહિત ગુજરાતી ભાષાંતર)**




# ।। શ્રીમદ્ સત્સંગિજીવન ।।

વ્હાલા ભક્તજનો ! ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સ્વમુખે જે શાસ્ત્રને સર્વશાસ્ત્રમાં શિરમોડ શાસ્ત્રનું બિરૂદ આપી પ્રશંસા કરી છે તેવા શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથને નંદસંતોના હસ્તલિખિત પ્રતના માધ્યમથી સર્વપ્રથમવાર સંસ્કૃતની સાથે સરળ ગુજરાતી ભાષામાં ખૂબ સુંદર રીતે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા પ્રકાશિત કરવાનો નિર્ધાર કરેલો છે. જેનું શુદ્ધ અને વિષયવાર હેડીંગ, પેરેગ્રાફાદિ સહિત માટે જ વાંચવામાં સરળ અને શ્રવણગમ્ય ગુજરાતી અનુવાદ તથા પ્રુફ સંશોધન સરધાર નિવાસી સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)એ કરેલ છે.

તા.ક. વ્હાલા ભક્તજનો ! આ ગ્રંથનું વિમોચન ગુરુપૂનમના (૩૦-૭-૦૭) દિવસે વડતાલમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા કરવામાં આવશે. માટે અગાઉ જેમણે નામલખાવ્યું છે તેમણે જો રકમભરવાની બાકી હોય તો તા.૩૦-૬-૦૭ સુધીમાં રકમભરપાઈ કરી દેવી. જેથી કરી તેમનું નામગ્રંથમાં આવી શકે. અને જો ઉપરોક્ત તારીખ સુધીમાં રકમભરપાઈ નહિ હોય તો ગ્રંથમાં નામલખવામાં નહિ આવે. જેની દરેકે સભ્યોએ નોંધ લેવી.

**ખાસનોંધ :- વિશેષમાં જેમણે આ ગ્રંથમાં નામલખાવ્યું હોય તેમણે રકમભરભાઈ કરીને પહોંચ-પાવતી મેળવી હોય તેઓએ જ્યાં સુધી ગ્રંથ ન મળે ત્યાં સુધી તે પહોંચ-પાવતી પોતાની પાસે સાચવીને રાખવી. જેમને પહોંચ હશે તેમને જ આ ગ્રંથ આપવામાં આવશે. જેની દરેકે સભ્યોએ નોંધ લેવી.**

# શ્રીજીપ્રસાદિભૂત તીર્થધામ સરધારને આંગણે
# દિપાવલીના શુભ અવસર ઉપર ધનતેરશથી લાભપાંચમ સુધી

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષપદે બારમી

# ।। શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી ।।

**પ્રયોજક :-** પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ - સરધાર)

**સ્થળ :-** 'શ્રી સ્વામિનારાયણ બાગ' શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩

**દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી**

# :: અભયદાન સત્સંગ સભા ::

**સરધાર :-** તા. ૧-૭-૦૭, જેઠ વદ - ૧, રવિવાર સવારે ૯ થી ૧૨

**રાજકોટ :-** તા. ૨૩-૬-૦૭, જેઠ સુદ - ૮, શનિવાર, રાત્રે ૯ થી ૧૧

**સંપર્ક :-** મહેન્દ્રભાઈ પાટડીયા મો. ૯૪૨૬૨ ૨૯૫૫૮, કરશનભાઈ ઢાંકેચા મો. ૯૪૨૬૭ ૮૧૧૭૯

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

જૂન - ૨૦૦૭











અહિંસામય યજ્ઞ તથા વિપ્ર પ્રિય ભગવાન શ્રીહરિની ડભાણ, જેતલપુર વગેરેમાં પ્રવર્તાવેલી સર્વહિતાવહ પરંપરાને જીવંત રાખવા રઘુવીરવાડી-વડતાલ ખાતે પવિત્ર અધિક માસમાં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં યોજાયેલ 'અખંડ અધિક માસ શ્રીહરિયાગ યજ્ઞાનુષ્ઠાન'

Shree Swaminarayan Chintan, June-2007 Reg. No. GRJ - 517/08 Reg. No. RNI No. GUJGUJ10785/06/1/03 - TC



**રઘુવીરવાડી-વડતાલ ખાતે પવિત્ર અધિક માસમાં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં યોજાયેલ 'અખંડ અધિક માસ શ્રીહરિયાગ યજ્ઞાનુષ્ઠાન'**


૧. નિત્ય પ્રાતઃકાળે ભગવાન શ્રીહરિના પંચભૌતિક દેહના અસ્થિનો અભિષેક કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨. અતિ ભક્તિભાવમાં મશગુલ પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. નિત્ય મધ્યાહ્ન કાળે અને સાયંકાળે ઠાકોરજીને અન્નકૂટ ધરાવીને જમાડતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪. ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી. ૫. સંધ્યાઆરતી સમયે શંખનાદ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬. દરરોજ રાત્રિના કીર્તનભક્તિમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા બંને પૂ. જીજાજી. ૭. વિપ્રવર્યોને નિત્ય નવા મિષ્ઠ ભોજનો જમાડીને તૃપ્ત કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૮. વિદેશ યાત્રાએ જતા પહેલા રઘુવીરવાડી ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ લેતા પૂ. સ્વામીશ્રી.

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Shree Swaminarayan Temple - Sardhar and Printed at Sahajanand Press, 80 Feet Road, Rajkot. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Divyaswarupdas

Shreeji Art (079) 26580916, 9879606686








## સરધારમાં શ્રીજી મહારાજ સંકલ્પ મૂર્તિસમા નવ નિર્માણ પામતું શ્રી સ્વામિનારાયણ મંદિરની નકશીકામયુક્ત અલગ-અલગ તસ્વીરો

‘ભવિષ્યમાં અહીંયા બહુ જ મોટું મંદિર થશે.’ એમશ્રીજી મહારાજે આશીર્વાદ આપેલ એવી તીર્થભૂમિસરધારધામમાં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી પૂ સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન નીચે રાજકોટથી ભાવનગર હાઈવે પર સહકારી ગોડાઉન નજીકમાં ત્રણ એકર જમીનમાં ભવ્ય શિખરબધ્ધ મંદિરનું કામકાજ ચાલું છે. આ મંદિર પાંચ શિખર સહિત બંસીપહાડ પથ્થરમાં (રાજસ્થાની ગુલાબી પથ્થર) ૯૯ X ૧૫૫ ફુટના ઘેરાવાવાળું અને ૮૧ ફુટ ઉંચાઈવાળું તૈયાર થતા શિલ્પ સ્થાપત્યમાં સૌરાષ્ટ્રનાં સર્વશ્રેષ્ઠ નજરાણારૂપ બનશે. આ મંદિરમાં ૧૬ ઘુમ્મટ અને ૧૦૮ સ્તંભ તેમજ ૧૦૮ કમાન આવશે. દરેક ઘુમ્મટ અને છત કોસલા નકશી કામયુક્ત તેમજ સ્તંભ પણ નકશી સભર બનશે. આશરે ૫૦,૦૦૦ ફુટ બાંધકામથશે. બાંધકામમાં આશરે ૧૦ લાખ ઈંટો વપરાશે. અંદાજીત ખર્ચ  ૭ કરોડની આસપાસ થશે. નવ નિર્માણ પામતું શ્રી સ્વામિનારાયણ મંદિરની નકશીકામયુક્ત અલગ-અલગ તસ્વીરો


1


2


3


4


5


6


7


8

## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના
## શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસ્વીર દર્શન

૧. અમરેલીમાં યોજાયેલ કથાપારાયણ અંતર્ગત ઠાકોરજીનો પટ્ટાભિષેક કરતા પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી તથા યજમાન પરિવાર. ૨. અમરેલીમાં કથાપારાયણ અંતર્ગત યોજાયેલ અન્નકૂટ મહોત્સવમાં ઠાકોરજીને ધરાવવામાં આવેલ વિધવિધ વાનગીઓ. ૩. અમદાવાદ બાપુનગરમાં વિદેશ જતા પહેલા રાત્રિ સત્સંગ સભામાં કથા-વાર્તાનો લાભ આપતા પૂ. સ્વામીશ્રી. ૪. અમદાવાદ બાપુનગરમાં પૂ. સ્વામીશ્રીની વિદેશ ધાર્મિક યાત્રા વેળાએ રાત્રિ સત્સંગ સભાનો લાભ લેતા હરિભક્તો. ૫. સુણાવમાં યોજાયેલ કથાપારાયણમાં ઘનશ્યામજન્મોત્સવની ઉજવણી કરતા સંતો-ભક્તો. ૬. સરધારમાં અભયદાન માસિક સભામાં નૂતન મંદિરના રંગમંડપમાં કથા-વાર્તાનો લાભ આપતા પૂ. સંતો તથા કથાશ્રવણ કરતા ભક્તજનો. ૭/૮. ગોધરામાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ આયોજીત કથાપારાયણ અંતર્ગત યોજાયેલ અન્નકૂટ મહોત્સવનો લાભ લેતા અને કથાશ્રવણમાં મગ્ન ભક્તજનો.